RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 156* Date: 04.04.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરાનાને મ્હાત આપવા વડાપ્રધાને રાષ્ટ્રના નામે સંદેશ જારી કર્યો

# રવિવારે ૯ વાગે ૯ મિનિટ સુધી કોરોનાને ભગાડવા દિવો પ્રગટાવો

ન્યુ દિલ્હી,તા.૩

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાઇરસ મહામારીને કારણે ભારત હાલમાં ૨૧ દિવસના લોકડાઉન હેઠળ છે. લોકડાઉનના આજે ૧૦મા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦ દિવસ સુધી ઘરમાં રહીને કોરોનાથી ચિંતિત દેશવાસીઓના મનોબળને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો હતો અને અગાઉથી રેકોર્ડેડ વિડિયો સંદેશામાં ૫ એપ્રિલ રવિવારના રોજ રાત્રે ૯ વાગે પોતાના ઘરોની તમામ લાઇટ બંધ કરીને ૯ મિનિટ સુધી ઘરના આંગણે કે બાલ્કીમાં ઉભા રહીને મીણબતી-દિવો કે મોબાઇલ ફોનની લાઇટ સતત ચાલુ રાખીને કોરોનાને પ્રકાશની શક્તિનો અનુભવ કરાવવા આહ્વાન કર્યું હતું. આખી દુનિયા કોરોના સામેની લડાઈમાં ભારતને અનુસરી રહ્યું હોવાનુ પણ તેમણે કહ્યું હતું. ૧૧ મિનિટના આ રાષ્ટ્ર જોગ સંબોધનમાં તેમણે ૫ એપ્રિલના રોજ રાત્ર ૯ વાગે ૯ મિનિટ સુધી મા ભારતીનું સ્મરણ કરવાની પણ અપીલ કરી હતી.

ગઈકાલે ૩ એપ્રિલના રોજ મોદીએ પોતે શુક્રવારે સવારે એક વિડિયો શેર કરશે એવી જાહેરાત કરી હતી. જેના પગલે તેઓ, દેશવાસીઓને હવે કયો સંદેશો આપશે તેની ઠીક ઠીક ચર્ચા પણ થઇ હતી. લોકડાઉન અંગેની કોઇ જાહેરાતની અટકળોનો છેદ






ઉડાડતા મોદીએ લોકોને રાહતરૂપ પ્રવૃતિની તક પૂરી પાડી હતી. અંધકારથી પ્રકાશની તરફ જવાનું પગલું એટલે તમસો મા જ્યોતિર્ગમ્ય એમ કહીને કહ્યું હતું કે કોરોનાની ચેઈન તોડવાનો આજ રામબાણ ઈલાજ છે.

આજે ૩જી એપ્રિલે સવારે ૯ વાગે સૌ કોઇની નજર ટીવી સ્ક્રિન પર હતી. અને જયારે તેમણે પાંચ એપ્રિલનો ઉલ્લેખ કર્યો ત્યારે ઘણાને એમ થયું કે કદાજ પાંચમીએ લોકડાઉન ઉઠી જશે. પરંતુ તેના બદલે તેમણે કોરોનાને હરાવવા અને લોકોને એમ ના લાગે કે ઘરે બેઠા બેઠા શું કરવુ તેથી પાંચમીએ સોશ્યલ ડિસ્ટન્સ નિયમનો ઉપયોગ કરીને દિપોત્સવના પ્રોત્સાહક અને સૌને ગમે એવા કાર્યક્રમની જાહેરાત કરી ત્યારે ઘણાં બધાએ રાહતનો દમ લીધો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોરાના મહામારી વચ્ચે શુક્રવારે દેશવાસીઓ સાથે ૧૧ મિનિટનો એક મેસેજ શેર કરતા કહ્યું કે, ૫ એપ્રિલે આપણે સૌએ મળીને કોરોનાને પ્રકાશની શક્તિનો અનુભવ કરાવવનો છે. રાતે ૯ વાગે ઘરની તમામ લાઈટો બંધ કરીને બાલ્કનીમાં ઊભા રહીને નવ મિનિટ સુધી દીવો, મીણબત્તી, અથવા મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલું કરજો. જેને, તમસો મા જ્યોર્તિગમય. એટલે અંધકારથી પ્રકાશની તરફ જવા સમાન ગણાવ્યું હતું.

વડાપ્રધાને દરેક નાગરિકોને સોશ્યલ ડિસ્ટીંગના નિયમનો સખ્તાઈથી પાલન કરવા અને કરાવવાની હાકલ કરીને કહ્યું કે, આ કાર્યક્રમ વખતે કોઈએ ક્યાંય પણ ભેગા થવાનું નથી. રસ્તા પર શેરીઓ અથવા મોહલ્લામાં જવાનું નથી. તમારા ઘરની બાલ્કનીમાંથી જ કરવાનું છે. સોશિયલ ડિસ્ટન્સિંગની લક્ષ્મણ રેખાને ઓળંગવાની નથી. કોરોનાની ચેઈન તોડવાનો આજ રામબાણ ઈલાજ છે. એટલા માટે જ રવિવારની રાતે થોડા સમય એકલા બેસીને મા ભારતીનું સ્મરણ કરો. સામૂહિકતાનો અહેસાસ કરો. આ આપણને સંકટના સમયમાં લડવાની શક્તિ આપશે. પીએમ મોદીએ આ મેસેજ દ્વારા છેલ્લા ૧૨ દિવસથી ઘરમાં રહેલા લોકોને મોટિવેટ અને તેમને કોરોના સામેની આગળની લડાઈ લડવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, તમે સૌએ જે રીતે અનુશાસન અને સેવાભાવ બન્નેનો પરિચય આપ્યો છે. તે અભૂતપૂર્વ છે. તમે સ્થિતિને સંભાળવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે. તમે જે રીતે રવિવારના દિવસે કોરોના વિરુદ્ધ લડાઈ લડનારા સૌનો આભાર માન્યો તે આજે દરેક દેશ માટે ઉદાહરણ બન્યો છે. જનતા કર્ફ્યૂ હોય, થાળી વગાડવાનો કાર્યક્રમ હોય. તમે દેશની સામૂહિક શક્તિનો અનુભવ કરાવ્યો છે. દેશ એકજૂથ થઈને કોરોના વિરુદ્ધ લડી શકે છે. હવે લોકડાઉન વખતે દેશની સામૂહિકતા જોવા મળી રહી છે. આજે જ્યારે દેશના કરોડો લોકો ઘરમાં છે ત્યારે કોઈને પણ લાગી શકે છે કે તે એકલો શું કરશે, ઘણા લોકો એવું પણ વિચારી રહ્યા હશે કે આવડી મોટી લડાઈને એકલા કેવી રીતે લડીશું. હજુ અમુક દિવસો પસાર કરવાના છે. આપણે આપણા ઘરોમાં જરૂર છીએ પણ આપણામાંથી કોઈ એકલું નથી. ૧૩૦ કરોડના દેશવાસીઓની સામૂહિક શક્તિ દરેક વ્યક્તી સાથે છે.

### મોટો ખુલાસોઃ પોઝિટીવ કેસમાંથી પાંચનું તબલીગી જમાતનું કનેક્શન ખુલ્યું

# ગુજરાતમાં કોરોના ખતરનાક સ્તરેઃ અમદાવાદમાં વધુ ૭ પોઝિટિવ

ગાંધીનગર,તા.૩

આજે કોરોના મહામારી વાઈરસના વધુ ૭ પોઝિટિવ કેસ નોધાયા હતા. જે કાલુપુર અને બાપુનગર વિસ્તારના છે. આજે જાહેર કરાયેલા આ તમામે તમામ કેસ અમદાવાદના છે. રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા સોની નજીક એટલે કે ૯૫ પર પહોંચી ગઈ છે. સરકારને જે કેસ હિસ્ટ્રી જોવા મળી રહી છે તે લાલબત્તી સમાન છે. કેમ કે ગુજરાતમાં કોરોનાનો રોગ ત્રીજા સ્ટેજની નજીકમાં કલસ્ટર સુધી એટલે કે ચોક્સ સમૂહ સુધી પ્રસરી ગયો છે અને જો લોકડાઉનનું બરાબર પાલન કરવામાં નહીં આવે તો આ રોગ કોમ્યુનિટી ટ્રાન્સમિશનના ભયજનક સ્તર સુધી પહોંચી જશે તો સ્થિતિને સંભાળવી મુશ્કેલ બની જશે,એમ કહીને સરકારે જાહેર કર્યું કે ૫ એપ્રિલ સુધીના દિવસો ગુજરાત માટે ગંભીર બની શકે.



આ અંગે આરોગ્ય સચિવ જયંતિ રવિએ કહ્યું છે કે, ગુજરાત માટે હજુ ૫ તારીખ સુધીના દિવસો મહત્વના છે. જેથી કરીને લોકો લોકડાઉનમાં રહે તે હિતાવહ છે, કેમ કે ગુજરાતમાં કોરોના હજુ ત્રીજા સ્ટેજ સુધી પહોંચ્યો નથી. શહેરોની સાથે હવે ગુજરાતના ગામડાઓ સુધી પણ કોરોના ના પ્રસરે તે માટે આરોગ્ય વિભાગ પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.રાજ્યમાં કોરોના પોઝિટિવના વધુ સાત કેસ નોંધાયા છે તે તમામ અમદાવાદના છે અને રાજ્યમાં પોઝીટીવ કેસોનો આંકડો ૯૫ પર પહોંચ્યો છે. પંચમહાલ જિલ્લામાં ગોધરામાં એક કેસ નોંધાયો હતો તેમાં જેમાં દર્દીનું મોત થયું છે. ૧૯૪૪ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ૧૬૦૧૫ લોકો ક્વોરન્ટીનમાં છે.

વિદેશથી આવેલા લોકોના ઈક્યુબેશન પીરિયડ બે દિવસમાં પૂરો થશે, એમ કહીને તેમણે કહ્યુ કે, અમદાવાદમાં વિદેશથી આવેલા કુલ ૫૨૧૯ લોકોને ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યા હતા. આમાંથી ૪૦૮૪ લોકોનો ક્વોરન્ટીન હેઠળના ૧૪ દિવસ પૂર્ણ થઈ ગયા છે. જ્યારે હજુ ૧૧૩૫ જેટલા લોકો ક્વોરન્ટીનમાં છે. ગાઈડલાઈન્સ મુજબ ૧૪ દિવસનો ઈક્યુબેશન પીરિયડ હોય છે. એરપોર્ટ પર છેલ્લી ફ્લાઈટ ૨૨મીએ આવી હતી. જેમાં આવેલા લોકોના ઈક્યુબેશન પીરિયડ પણ બે દિવસમાં પૂરો થશે. પરંતુ શહેરમાં ૩૧ લોકો પોઝિટિવ આવ્યા છે. જેમના સંપર્કમાં આવેલા ૬૫૦ લોકોને પણ ક્વોરન્ટીનમાં મૂકી દેવામાં આવ્યા છે. જેથી તેમના ૧૪ દિવસનો સમય પૂરો થતાં ૨૦ એપ્રિલ સુધીનો સમય લાગી શકે તેમ છે. જેથી હજુ પણ અમદાવાદ શહેર માટે આગામી ૨૦થી ૨૫ દિવસ ખૂબ જ મહત્ત્વના છે. આ સમય દરમિયાન સંક્રમણ વધુ ફેલાય નહીં તે માટે તકેદારી રાખવી જરૂરી હોવાનું માનવામાં આવે છે.

કોરોનાના કેર વચ્ચે ગુજરાત સહિત ભારતમાં ૨૨માર્ચથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ કરી દેવામાં આવી છે, ત્યારે ગુજરાતમાં કોરોનાના લક્ષણો બહાર આવવાનો ઈક્યુબેશન પિરિયડ ૫ એપ્રિલે પૂરો થતો હોવાથી હજુ ગુજરાત માટે ૫ એપ્રિલ સુધીના દિવસો મહત્વના છે. તેમાં પણ ખાસ કરીને ગુજરાતમાં લોકલ ટ્રાન્સમિશન વધ્યું છે ત્યારે લોકડાઉનનો કડકપણે અમલ થાય તે આવશ્યક છે.ગુજરાત આવેલા વિદેશી પ્રવાસીઓનો ક્વોરન્ટીન્ટીન પિરિયડ ૫ એપ્રિલે પૂરો થશે, કેમકે ૨૨ માર્ચની છેલ્લી ફ્લાઈટમાં આવેલા પ્રવાસીઓના ૧૪ દિવસ ૫ એપ્રિલે પુરા થઈ રહ્યાં હોવાથી ૫ તારીખ સુધી સાવચેતી રાખવી જરૂરી છે.

### તબ્લિક જમાતના ઓપરેશનમાં લાગેલા ૧૪ પોલીસકર્મી ક્વૉરિન્ટીન

# કોરોના વાયરસના નવા ૯૮ પોઝિટિવ કેસઃ મૃત્યુઆંક ૭૩

ન્યુ દિલ્હી,તા.૩

કોરોના વાઈરસના આજે ૯૮ નવા કેસ સામે આવ્યા છે. જેમાં ઉત્તરપ્રદેશમાં ૪૪, રાજસ્થાનમાં ૨૧, આંધ્રપ્રદેશમાં ૧૨, હરિયાણામાં ૮,દિલ્હીમાં ૨, સાથે જ મહારાષ્ટ્ર, કર્ણાટક, ગોવા અને જમ્મુ-કાશ્મીરમાં ૧-૧ દર્દી મળ્યા છે. આ સાથે જ કુલ સંક્રમિતોની સંખ્યા ૫૬૫૭ થઈ ગઈ છે. ૧૯૧ લોકો સ્વસ્થ થયા છે અને ૭૩ લોકોના મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ પ્રમાણે, દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૩૦૧ છે. જેમાંથી ૨૦૮૮ની સારવાર ચાલી રહી છે. ૧૫૬ સ્વસ્થ થઈ ચુક્યા છે અને ૫૬ લોકોના મોત થઈ ચુક્યા છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં જે ૬૫ લોકો આજે સંક્રમિત મળ્યા છે જેમાંથી ૬૩ દિલ્હીની તબ્લિક જમાતથી પાછા આવ્યા હતા.

નિઝામુદીનમાં મરકજમાં તબ્લિક જમાતના લોકોને ઓપરેશનમાં લાગેલા જવાનોને ક્વૉરિન્ટીન કરી દેવાયા છે. રિપોર્ટના જણાવ્યા પ્રમાણે, આ જવાનોની સંખ્યા ૧૪ છે. જેમના સંક્રમિત થવાની આશંકા છે. એટલા માટે સતર્કતાના પલગા લેવાયા છે. આ જવાનો ૩૦ અને ૩૧ માર્ચે મરકજની ઈમારતમાં રોકાયેલા બે હજાર લોકોને કાઢવાના ઓપરેશનમાં લાગ્યા હતા. સરકારે પણ આખા ઘટનાક્રમ પર કડક પગલા લીધા છે. કેન્દ્રએ તબ્લિક જમાતના ૬૯૦ બ્રિટિશ, ૪ અમેરિકન, ૬ચીન અને ૩ ફ્રાન્સના નાગરિક છે. આ સાથે જ યુપીની યોગી સરકારે નિર્ણય કર્યો છે કે ડ્યૂટી કરી રહેલી પોલીસ પર હુમલો કરનારાઓ પર રાસુકા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.દિલ્હીની તબ્લિક જમાતમાં આવેલા વિદેશીઓમાંથી ૯૬૦ને સરકારે બ્લેકલિસ્ટ કરી દેવાયા છે. તેમના વિઝા પણ રદ કરી દેવાયા છે. જેમાંથી ૩૭૯ ઈન્ડોનેશિયાઈ, ૧૧૦ બાંગ્લાદેશી, ૯ બ્રિટિશ, ૪ અમેરિકન, ૬ ચીની અને ૩ ફ્રાન્સના નાગરિક છે. ભરમાં ૪૮૬ દર્દીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતો.

આ એક દિવસમાં સંક્રમણનો સૌથી મોટો આંકડો છે. જેના એક દિવસ પહેલા બુધવારે દેશમાં આ સંક્રમણના ૪૨૪ કેસ સામે આવ્યા હતા. આ સાથે ઉત્તરપ્રદેશ સરકારે આદેશ આપ્યો છે કે કોરોના કટોકટીમાં ડ્યૂટી કરી રહેલા પોલીસકર્મીઓ પર હુમલો કરનારા રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

# તબલીગી જમાતના ગેરવર્તન મુદ્દે યોગી ભડક્યાઃ કડક કાર્યવાહીના આદેશ

લખનૌ,તા.૩

ઉત્તાર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે ગાઝિયાબાદ હોસ્પિટલમાં એકલતામાં રાખેલા તબલીગી જમાતની જનતા દ્વારા કરાયેલા ગેરવર્તન અંગે કડક વલણ અપનાવ્યું છે. સીએમ યોગીએ આ કેસમાં કડક કાર્યવાહી કરવાનો આદેશ આપતા કહ્યું કે આવી વૃત્તિવાળા લોકો સાથે કડક વર્તન કરવામાં આવશે અને તેઓને કાયદાનું પાલન કરવાનું શીખવશે.

ગાઝિયાબાદમાં બનેલી ઘટનાની નોંધ લેતા મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, 'કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરી છે. ગાઝિયાબાદમાં જેમણે આ કૃત્ય કર્યું છે, તે વૃત્તિના લોકો સાથે કડક કાર્યવાહી કરે અને કાયદાનું પાલન કરવાનું શીખવે છે. જણાવી દઈએ કે ગાઝિયાબાદના એમએમજીમાં દાખલ થાપણદારો દ્વારા હોસ્પિટલ સ્ટાફ સાથે ગેરવર્તનનો આ મામલો છે. આ લોકો નર્સો સામે જ કપડાં ખોલે છે. અશ્લીલ વર્તન અને બીડી-સિગારેટ માંગવાની ફરિયાદો પણ થઈ હતી.તેમણે કોરોના વાયરસ સામે ચાલી રહેલા યુદ્ધ વિશે કહ્યું, 'જેમ તમે ઈંસેફસલાઈટિસ લડીને જીતશો, તેમ જ તમે કોરોના સામે લડીને જીતી શકશો. એટલું જ નહીં આપણે આગળ પડકાર માટેની તૈયારી પણ કરવી પડશે, જેથી આપણે આપણા રાજ્યના લોકોને આવી કોઈ પણ આફતથી સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખી શકીએ.

તેમણે કહ્યું, "યુપીના ૨૩ કરોડ લોકોએ દરેક પ્રકારની આફત માટે લડવું પડશે અને પોતાનું સંપૂર્ણ રક્ષણ કરવું પડશે." યુપીમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૧૧૩ કેસ નોંધાયા છે, જેમાં ૨ લોકોનાં મોત નીપજયાં છે. ગોરખપુર અને મેરઠમાં ચેપ લાગવાના કારણે એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું.

# સતત બીજી વખત અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનો કોરોના ટેસ્ટ નેગેટિવ

વોશિંગ્ટન,તા.૩

ચીનથી આખી દુનિયામાં તબાહી માચાવનાર કોરોના વાયરસે અમેરિકાને બરાબરનું ઝપટમાં લઇ લીધું છે. આ મહામારીના લીધે અમેરિકામાં ૨ લાખથી વધુ લોકો બીમાર છે અને ૫૦૦૦થી વધુ પોતાના જીવ ગુમાવી ચૂકયા છે. આ બધાની વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો કોરોના ટેસ્ટ થયો. જેમાં તેઓ બીજી વખત નેગેટિવ આવ્યા છે.વ્હાઈટ હાઉસની તરફથી રજૂ કરવમાં આવલા નિવેદનમાં કહ્યું કે એક વખત ફરીથી રાષ્ટ્રપતિનો કોરોના વાયરસ ટેસ્ટ થયો હતો. તે સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેમાં કોરોનાના કોઇ લક્ષણ નથી.

આપને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પન થોડાંક દિવસ પહેલાં એક એવા વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા જે બાદમાં કોરોના વાયરસ પોઝિટીવ આવ્યો હતો. ત્યારબાદ અમેરિકામાં તેમના ટેસ્ટને લઇ પ્રશ્નો થયા હતા તો ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેમને તેની જરૂર નથી કારણ કે તેઓ સંપૂર્ણપણે ફિટ છે.જો કે ત્યારબાદ વ્હાઈટ હાઉસમાં તેમનો ટેસ્ટ કરાવ્યો અને બંને વખત તેઓ નેગિટિવ આવ્યો છે જે અમેરિકા માટે રાહતની વાત છે.સીએનએનના મતે અમેરિકન ડોનાલ્ડ ટ્રમ્પે પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો કે આ વખતે જે ટેસ્ટ થયો તેનું રિઝલ્ટ ૧૫ મિનિટમાં આવી ગયું.

### કોરોના વાઈરસ સામે લડવા

# વિશ્વ બેંકે ભારત માટે રૂ. ૭૬૦૦ કરોડના ઈમરજન્સી ફંડની મંજૂરી આપી

જિનિવા,તા.૩

ભયાનક એવા કોરોના વાઈરસના રોગચાળાનો સામનો કરવામાં ભારતને મદદરૂપ થવા માટે વર્લ્ડ બેંક્રે ભારતને ૧ અબજ ડોલરનું ઈમરજન્સી રીસ્પોન્સ ફંડ મંજૂર કર્યું છે. વિશ્વ બેંક્રે ભારતને આરોગ્ય ક્ષેત્ર માટે અત્યાર સુધીમાં આપેલી આ સૌથી મોટી રકમની સહાયતા છે.

કોવિડ-૧૯ રોગચાળાને રોકવા, શોધવા અને એની સામે પગલાં લેવામાં તેમજ જાહેર આરોગ્ય ક્ષેત્રમાં ભારતને તેની સજ્જતાને મજબૂત કરવામાં મદદરૂપ થવા માટે વર્લ્ડ બેંક્રે ભારતને આ સહાયતા મંજૂર કરી છે.

આ નવા ભંડોળમાં ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેવામાં આવશે. કોરોનાના ચેપગ્રસ્ત લોકો, કોરોના થવાનું જોખમ ધરાવતા લોકો, તબીબી અને ઈમરજન્સી ક્ષેત્રના કર્મચારીઓ, સેવા પ્રદાન કરનારાઓ, તબીબી અને ટેસ્ટિંગ સુવિધાઓ તથા રાષ્ટ્રીય અને પ્રાણી આરોગ્ય એજન્સીઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે આ ભંડોળનો ઉપયોગ કરી સકાશે.

આ ભંડોળનું સંચાલન નેશનલ હેલ્થ મિશન, નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય હેઠળ આવતી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ સંસ્થા દ્વારા કરવામાં આવશે.

આ ભંડોળ ભારતને રોગ નિરીક્ષણ કાર્યક્રમને મજબૂત કરવામાં, ચેપગ્રસ્ત રોગોની સારવાર કરતી હોસ્પિટલો, જિલ્લા, સિવિલ અને જનરલ તથા મેડિકલ કોલેજ હોસ્પિટલોને નવો ઓપ આપવામાં તેમજ લેવલ-૩ લેબોરેટરીઓનું નેટવર્ક બનાવવામાં મદદરૂપ થશે.

## તંત્રી સ્થાનેથી...

### આફતને હરાવવાનો પડકાર

કોરોના વાઈરસને લીધે પ્રસરેલા કોવિડ-૧૯ને લીધે દુનિયા આખી અધ્ધર શ્ર્વાસે જીવે છે. આંકડાની સરખામણીએ ભારતની સ્થિતિ સ્પેન અને ઈટલીની દૃષ્ટિએ બહેતર લાગે પણ હજી આ રોગચાળાનો ત્રીજો તબક્કો છે. આપણા દેશની વસતિ અને વિસ્તારને લીધે વધુ ભયાનક પરિણામનો ભય માથા પર ઝળુંબે છે.વૈશ્ર્વિક અંદાજ મુજબ ભારતમાં મેના અંત સુધીમાં કોવિડ-૧૯ના દર્દીનો આંક તેર લાખ સુધી પહોંચવાનો ભય છે, પરંતુ આટલા દર્દી માટે આઈ.સી.યુ. પૂરા પાડવાની સગવડ જ નથી આપણા દેશમાં. આને લીધે મરણાંક વધે અને ઝડપભેર વધે એવો ભય છે, અંદાજ છે. આ સ્ટેટીસટીક્સ ખોટા ય પડે કારણ કે વચ્ચે ઘણાં પરિબળો ધારણા મુજબ પરિણામ ન આપે.અત્યારે તો ભારતમાં કોવિડ-૧૯ના દર્દી બીજા દેશથી ઘણાં ઓછા હોવાનો હરખ ટીવી ચેનલોમાં વ્યક્ત થાય છે. આના માટે ૨૧ દિવસનો લોકડાઉન જાહેર કરવા માટે કેન્દ્ર સરકારને શ્રેય અપાય છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અત્યંત હિંમતભર્યો નિર્ણય લીધો છે. કદાચ વિકલ્પ નહોતો.

આ લોકડાઉન પૂરો થવા બાદ રોગચાળો વધુ વકરે એવી આગાહી નિષ્ણાત તબીબો કરી રહ્યાં છે. કોવિડ-૧૯ની સંપૂર્ણ નાબૂદી આ ૨૧ દિવસમાં નથી થવાની. આ તો એના પ્રસાર અને ચેપને રોકવાનો પ્રયાસ માત્ર છે. એનું ય સખતાઈથી પાલન કરવામાં ઘણાં પાછા પડે છે, જેની આકરી કિંમત ચૂકવવી પડશે.આ કોરોના વાઈરસની ઉપાધિની સાથેસાથે કે એને લીધે દુનિયા આખીની આર્થિક આફત વધવાની, વધવાની અને વધવાની. આમાં સૌથી વધુ ખો નીકળી જવાનો પર્યટન અને પ્રવાસલક્ષી ક્ષેત્રનો. સાંસ્કૃતિક, કળા અને મનોરંજન વિભાગને નોંધપાત્ર ફટકો પડશે. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિયેશને લાલબત્તી ધરી છે કે ૨૦૨૦માં કોવિડ-૧૯ ઓછામાં ઓછી ૬૩થી ૧૧૩ અબજ ડૉલરની આવક ભરખી જશે. આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉદ્યોગે પણ પાંચેક અબજ ડૉલરનો ફટકો સહન કરવો પડશે. આ બધામાં અપવાદ હશે ઈન્ટરનેટ અને અમુક ઓટીટી પ્લેટફોર્મ.એક તો મંદી અને એમાં કોવિડ-૧૯ને લીધે વધનારી અસાધારણ આર્થિક આફત. ૨૧ દિવસના લોકડાઉનને લીધે દેશને રૂા. ૬.૩ થી ૭.૨ લાખ કરોડનું નુકસાન થશે. આની સામે જાહેર કરાયેલું ૧.૭ લાખ કરોડનું પેકેજ અપૂરતું છે એ કહેવાની જરૂર નથી. આ સંજોગોમાં સરકારે આવકના વધારાના સાધનો ઊભા કરવા પડશે અને તેનો મહત્તમ ઉપયોગ થાય એની તકેદારી રાખવી પડશે.એક નાગરિકની, સમાજની અને મોદી સરકારની આ સૌથી મોટી કસોટી છે. મતભેદી ભૂલીને સૌએ પોતાની ફરજ બજાવવી પડશે. ઘણું જતું કરવું પડશે. કેટલીક ચીજ-સવલત વગર ચલાવી લેવું પડશે. પૂરેપૂરી નહિ સવાઈ ફરજ બજાવવી પડશે. વ્યક્તિગત, સામાજિક અને સરકારી તાણ વધશે. સૌએ જોમ રાખીને એનો સામનો કરવો પડશે.આ કોવિડ-૧૯ અને આર્થિક કટોકટીની ડબલ ટ્રબલનો સફળતાથી સામનો કરીને આપણને સૌને રાષ્ટ્ર હિતનું નવું પ્રકરણ, સોનેરી પ્રકરણ લખવાની તક મળશે. એક નવા ઈતિહાસના સાક્ષી જ નહિ, એના ઘડવૈયા બનવાનો અવસર સામે છે. આમાં ઊણા ઉતરવાથી ભાવિ પેઢી આપણને ક્યારેય માફ નહિ કરે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૪/૦૪/૨૦૨૦, શનિવાર, ચૈત્ર સુદ-૧૧

સૂર્યોદય-૬-૩૮, સૂર્યાસ્ત-૭-૦૨, જૈન નવકારશી-૭-૫૪, આજની રાશિ : કર્ક (ડ.હ.) ૧૭-૦૮થી સિંહ (મ.ટ.), નક્ષત્રઃ મઘા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૮-૧૧ થી શુભ-૯-૪૪ સુધી,૧૨-૫૦થી ચલ-લાભ-અમૃત-૧૭-૨૯ સુધી, ૧૯-૦૨ થી લાભ-૨૦-૨૯ સુધી, ૨૧-૫૬ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૬ સુધી

**- શુભ હોરા-**

૭-૪૦ થી ૮-૪૨ સુધી,૧૦-૪૬ થી ૧૩-૫૨ સુધી,૧૪-૫૪ થી ૧૫-૫૬ સુધી, ૧૭-૫૯થી ૨૦-૫૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૪-૦૪-૨૦૨૦ શનિવાર

**મેષ(અ.લ.ઈ.) :-** પરિવારના સભ્યો સાથે નોકરી વ્યવસાયને લઇને મતાંત્તર રહે. ઉધારી ધંધાર્થી દૂર રહેજો.

**વૃષભ(બ.વ.ઉ.) :-** મહત્વના કાર્યોમાં ચીવટ રાખવી નવા પ્રોજેક્ટ બાબત ઉતાવળ ન કરવી. લગ્ન ઇચ્છુકોને અનુકુળતા રહે.

**મિથુન(ક.છ.ઘ.) :-** વ્યવસાયમાં નવા રોકાણ બાબત સાવધાની રાખવી. વિદેશ વસવાટ કરવાની ઇચ્છા થાય. માતાથી લાભ.

**કર્ક(ડ.હ.) :-** પરિવારિક ભાગીદારીમાં પ્રગતિ કરે નવી એજન્સી લાભદાયક રહે. લગ્ન જીવનમાં સુમેળ વધવાનો.

**સિંહ(મ.ટ.) :-** નોકરીમાં કાર્યભાર રહે. શેર સટ્ટામાં જાળવવું આરોગ્ય બાબતે સુધારો રહે. પ્રવાસમાં લાભ રહે.

**કન્યા(પ.ઠ.ણ.) :-** આદરેલા કાર્યોમાં સફળતા નોકરીમાં બદલીના ચાનસ વિજાતીય મિત્રતા ગાઢ બને કર્જમાં રાહત.

**તુલા(ર.ત.) :-** નોકરીમાં બદલીના ચાન્સ. મિલકતના પ્રશ્નોમાં અનુકુળતા વિદશેથી લાભ ધાર્મિક કાર્યમાં અનુકુળતા.

**વૃશ્ચિક(ન.ય.) :-** સામાજીક સ્તરે તમો છવાયેલા રહેશો. સગાઇના કાર્યમાં અનુકુળતા વીલ વારસાના પ્રશ્નોમાં લાભ રહે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :-** જુના મિત્રોની મુલાકાતથી જુની યાદો તાજી થાય લખાણ-દસ્તાવેજના કાર્યોમાં લાભ, પ્રવાસનો યોગ.

**મકર(ખ.જ.) :-** ઉધારી ધંધાથી દૂર રહેજો નિર્ણયો બાબત કોઇ ઉતાવળ ન કરવી. વિજાતીય મિત્રતા ગાઢ બનવાની.

**કુંભ(ગ.શ.સ.) :-** અંધશ્રધ્ધાથી દૂર રહેજો મહેનતનું ફળ મલવાનું ઉપરા વર્ગનો સાથ સહકાર સારો રહેવાનો

**મીન(દ.ચ.ઝ.) :-** શેર સટ્ટામાં જાળવવું રચનાત્મક કાર્યોમાં સફળતા પિતાશ્રીનો સહકાર રહે. રાજકીય રીતે લાભ મલવાનો.

# ક્રૂડ તેલમાં ૭.૬૩ કરોડ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૧૬૬નો સાપ્તાહિક ઘટાડો

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર ૨૭ માર્ચથી ૧ એપ્રિલના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં કુલ રૂ.૪૫,૧૨૦.૧૬ કરોડનું અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૯૦.૮૨ કરોડ (નોશનલ)નું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું, જ્યારે ચાંદીમાં નરમાઈનો માહોલ વાયદાના ભાવમાં હતો. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ સિવાયની તમામ ધાતુઓ વધી આવી હતી. એનર્જીમાં ક્રૂડ તેલમાં ૭,૬૩,૪૯,૪૦૦ બેરલ્સના નોંધપાત્ર વેપાર સાથે વાયદાના ભાવમાં બેરલદીઠ રૂ.૧૬૬નો સાપ્તાહિક ધોરણે ઘટાડો થયો હતો. નેચરલ ગેસમાં મિશ્ર ચાલ હતી. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટી આવ્યા હતા. કપાસ પણ ઢીલું બંધ થયું હતું. એલચીમાં બેતરફી વધઘટ સામે મેન્થા તેલમાં સુધારાનો સંચાર થયો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩,૬૪૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૩,૭૧૬ અને નીચામાં રૂ.૪૨,૬૨૨ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૩,૬૪૩ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૪૦૩ ઘટી રૂ.૪૩,૨૪૦ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૪,૭૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૪ વધી રૂ.૩૪,૭૯૪ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૩૪,૮૯૯ અને નીચામાં રૂ.૩૪,૫૧૦ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૨૬૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૨ વધી બંધમાં રૂ.૪,૩૦૯ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪,૩૨૬ અને નીચામાં રૂ.૪,૨૧૫ બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩,૧૫૫ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૩,૬૪૦ અને નીચામાં રૂ.૪૨,૬૬૬ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૩૨૯ના ભાવઘટાડા સાથે બંધમાં રૂ.૪૩,૨૩૨ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૪૧,૩૪૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૧,૫૯૨ અને નીચામાં રૂ.૩૯,૩૦૦ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૧,૩૨૨ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૪૫૦ના ઘટાડા સાથે રૂ.૩૯,૮૭૨ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૪૧,૪૧૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૧,૫૦૦ અને નીચામાં રૂ.૩૯,૩૪૩ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૧,૩૫૭ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૪૪૧ના ઘટાડા સાથે રૂ.૩૯,૯૧૬ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૪૧,૮૫૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૧,૯૦૦ અને નીચામાં રૂ.૩૯,૭૩૦ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧,૧૦૭ ઘટી બંધમાં રૂ.૪૦,૫૭૬ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૩૭૬.૯૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૫૫ વધી રૂ.૩૭૬.૫૦ બંધ થયો હતો, જ્યારે નિકલનો એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૮૬૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪.૯૦ વધી બંધમાં રૂ.૮૬૪.૯૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમ-મિનીનો એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૩૪.૭૫ ખૂલી, સપ્તાહના અંતે ૭૦ પૈસા ઘટી રૂ.૧૩૪.૨૦, સીસું-મિની એપ્રિલ રૂ.૧૩૨.૬૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૮૦ વધી રૂ.૧૩૪.૪૫ અને જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૧૪૪.૯૦ ખૂલી, સપ્તાહના અંતે ૯૫ પૈસા વધી રૂ.૧૪૫.૫૫ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૧,૭૯૫ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૮૨૩ અને નીચામાં રૂ.૧,૫૫૦ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૧૬૬ના ભાવઘટાડા સાથે બંધમાં રૂ.૧,૬૨૧ના ભાવ થયા હતા, જ્યારે નેચરલ ગેસનો એપ્રિલ વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૩૦.૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨.૪૦ ઘટી રૂ.૧૨૭.૫૦ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧૩૨.૫૦ અને નીચામાં રૂ.૧૨૪.૩૦ બોલાયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)નો એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૬,૬૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૬૪૦ અને નીચામાં રૂ.૧૫,૮૧૦ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૬,૫૫૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૪૪૦ના ભાવઘટાડા સાથે રૂ.૧૬,૧૧૦ના સ્તરે બંધ થયો હતો.

કપાસનો એપ્રિલ-૨૦ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૫૫ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૯૫૮ અને નીચામાં રૂ.૯૩૪ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૧.૫૦ ઘટી રૂ.૯૩૭.૫૦ના સ્તરે બંધ થયો હતો.

એલચીનો એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧,૮૫૪.૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨,૦૮૩.૩૦ અને નીચામાં રૂ.૧,૮૩૫.૫૦ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૧૫૩.૫૦ના ઉછાળા સાથે રૂ.૨,૦૬૫.૪૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે એલચીનો મે વાયદો કિલોદીઠ રૂ.૧,૮૯૧.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૦૯.૩૦ ઘટી બંધમાં રૂ.૧,૮૪૦.૭૦ના ભાવ થયા હતા.

ક્રૂડ પામતેલ (સીપીઓ)નો એપ્રિલ વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૬૪૭.૭૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૧૦ વધી રૂ.૬૪૫.૧૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૬૭૧ અને નીચામાં રૂ.૬૪૧.૪૦ બોલાયો હતો, જ્યારે મે વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૬૪૮.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૯૦ ઘટી બંધમાં રૂ.૬૪૧.૭૦ના ભાવ થયા હતા.

મેન્થા તેલનો એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧,૦૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૧૧૯.૧૦ અને નીચામાં રૂ.૧,૦૬૦ બોલાઈ, આગલા સપ્તાહનાં રૂ.૧,૦૮૫.૫૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩૦.૩૦ વધી બંધમાં રૂ.૧,૧૧૫.૮૦ના ભાવ થયા હતા.કામકાજની દૃષ્ટિએ સોનાના વાયદાઓમાં રૂ.૧૩,૧૪૨.૩૭ કરોડનાં ૩૦.૩૭૨ ટન, ચાંદીમાં રૂ.૭,૬૩૧.૪૩ કરોડનાં ૧,૮૯૨.૯૩૧ ટન, તાંબામાં રૂ.૧,૬૩૮.૭૩ કરોડનાં ૪૩,૬૫૦ ટન, નિકલમાં રૂ.૨,૦૭૧.૩૮ કરોડનાં ૨૪,૦૧૬.૫ ટન, એલ્યુમિનિયમ-મિનીમાં રૂ.૨૪૯.૭૬ કરોડનાં ૧૮,૬૪૨ ટન, સીસું-મિનીમાં રૂ.૬૦૧.૯૫ કરોડનાં ૪૫,૩૯૪ ટન, જસત-મિનીમાં રૂ.૧,૭૯૮.૯૨ કરોડનાં ૧,૨૫,૨૭૦ ટન, ક્રૂડ તેલમાં રૂ.૧૨,૭૫૨.૩૪ કરોડનાં ૭,૬૩,૪૯,૪૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં રૂ.૪,૩૫૮.૫૦ કરોડનાં ૩૩,૮૭,૪૨,૫૦૦ એમએમબીટીયૂ, કપાસમાં રૂ.૪.૧૧ કરોડનાં ૮૬૮ ટન, કોટનમાં રૂ.૧૦૪.૬૦ કરોડનાં ૬૪,૫૨૫ ગાંસડી, સીપીઓમાં રૂ.૬૯૬.૨૩ કરોડનાં ૧,૦૫,૨૨૦ ટન, એલચીમાં રૂ.૧.૪૬ કરોડનાં ૮ ટન અને મેન્થા તેલમાં રૂ.૧૭.૪૧ કરોડનાં ૧૫૯ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૯.૩૦૭ ટન, ચાંદીમાં ૧૮૦.૨૮૬ ટન, તાંબામાં ૬,૩૯૭.૫ ટન, નિકલમાં ૧,૨૨૫.૫ ટન, એલ્યુમિનિયમ-મિનીમાં ૩,૮૩૪ ટન, સીસું-મિનીમાં ૨,૬૦૭ ટન, જસત-મિનીમાં ૧૦,૬૫૯ ટન, ક્રૂડ તેલમાં ૩૦,૯૧,૯૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૧,૩૩,૬૬,૨૫૦ એમએમબીટીયૂ, કપાસમાં ૫૯૨ ટન, કોટનમાં ૧,૭૭,૦૨૫ ગાંસડી, સીપીઓમાં ૫૮,૫૫૦ ટન, એલચીમાં ૭ ટન અને મેન્થા તેલમાં ૧૨૭ ટનના સ્તરે રહ્યો હતો.

### કુલ કેસોની સંખ્યા ૧૦ લાખને પાર,ચીન આજે શોક દિવસ મનાવશે

# કોરોના આતંકઃ ઈરાન સંસદના સ્પીકર વાયરસથી સંક્રમિત,૫૩ હજારથી વધુના મોત

વોશિંગ્ટન/રોમ/તહેરાન.૩

કોરોના વાઈરસની મહામારીએ વિશ્વભરમાં હાહાકાર મચાવી દીધો છે. વિશ્વભરમાં અત્યાર સુધીમાં પોઝિટિવ કેસની સંખ્યા ૧૦ લાખથી વધારે થઈ ગઈ છે. ૫૩ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. બે લાખ ૧૩ હજાર લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ઈટાલી અને સ્પેન બાદ હવે અમેરિકામાં તેની વ્યાપક અસર જોવા મળી છે. અમેરિકામાં પોઝિટિવ કેસની સંખ્યા બે લાખ ૪૫ હજાર ૬૬ થઈ ગઈ છે. જ્યારે ૬૦૭૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૯ હજાર કેસ નોંધાયા છે. ડોનાલ્ડ ટ્રમ્પનો બીજો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. શુક્રવારે અમેરિકન પોત રુઝવેલ્ટમાંથી ૧૮૦ નૌસૈનિકોને હટાવવામાં આવ્યા. નેવી કમાન્ડર જોન મેનોનીએ જણાવ્યું હતું કે અન્ય ૩૦૦થી ૫૦૦ નૌસૈનિકોને આગામી ૧૨થી ૨૪ કલાક માટે



હટાવવામાં આવશે. આ પોત ઉપર ગુરુવારે ૧૧૪ નૌસૈનિકો સંક્રમિત મળ્યા હતા. અમેરિકામાં કુલ ૬૦૭૫ લોકોએ અત્યાર સુધીમાં જીવ ગુમાવ્યો છે. ૧૫ ફેબ્રુઆરીથી લઈ અત્યાર સુધીના ૪૯ દિવસોની એવરેજ કાઢીએ તો દરરોજ ૧૨૪ લોકોએ કોરોના મહામારીમાં જીવ ગુમાવ્યો છે.

**ચીન આજે શોખ દિવસ મનાવશે**

આ બધાની વચ્ચે ચીન સરકારે કોરોના વાઈરસના કારણે મરનાર લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ૪ એપ્રિલે શોક દિવસ મનાવવાનની જાહેરાત કરી છે. આ દરમિયાન દેશ અને બીજા દેશમાં રહેલા ચીની દૂતાવાસમાં રાષ્ટ્રીય ધ્વઝને અડધી કાઠીએ ફરકાવવામાં આવશે. સમગ્ર દેશમાં સવારે ૧૦ વાગ્યે ત્રણ મિનિટનું મૌન પાળીનો શોક વ્યક્ત કરાશે.

**અમેરિકાના ન્યૂયોર્ક સિટીમાં ૫૦ હજાર કેસ**

અહીં સૌથી વધારે સંક્રમણ ૯૩ હજાર કેસ ન્યૂયોર્કમાં નોંધાયા છે. તેમાથી ન્યૂયોર્ક સિટીમાં ૫૦ હજાર કેસ નોંધાયા છે. અહીં ૧૫૬૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. ગુરુવારે અહીં ચાર હજાર નવા કેસ નોંધાયા છે અને ૧૮૮ લોકોએ જીવ ગુમાવ્યો છે.

**બ્રાઝીલમાં સતત ત્રીજા દિવસે એક હજારથી વધારે કેસ નોંધાયા**

બ્રાઝીલમાં સતત ત્રીજા દિવસે એક હજારથી વધારે કેસ નોંધાયા છે. અહીં કોરોનાના કુલ કેસ ૮ હજારથી વધારે નોંધાયા છે. જ્યારે ૩૦૦ લોકોના મોત થયા છે.

**ઈટાલી,સ્પેનમાં હાહાકર**

ઈટાલી અને સ્પેનની વાત કરીએ તો ઈટાલીમાં એક લાખ ૧૪ હજાર ૨૪૨ કેસ નોંધાયા છે અને ૧૩ હજાર ૯૧૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. સ્પેનમાં એક લાખ ૧૨ હજાર ૬૫ કેસ નોંધાયા છે અને ૧૦ હજાર ૩૪૮ લોકોએ જીવ ગુમાવ્યા છે.

### સંક્રમિતોની સંખ્યા ૨.૪૦ લાખને પાર

# અમેરિકામાં કોરોનાથી ૨૪ કલાકમાં ૧૧૬૯નાં મોત,મૃત્યુઆંક ૫૯૦૦ને પાર

વોશિંગ્ટન,તા.૩

કોરોના વાયરસના કહેરનો સામનો કરી રહેલા અમેરિકામાં મૃતકોની સંખ્યા ૫૯૨૬ પહોંચી ગઈ છે. ગુરુવારે ૨૪ કલાકમાં જ ૧૧૬૯ લોકોના મોત થયા, જે એક રેકોર્ડ છે. અમેરિકામાં કોરોના વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. અત્યાર સુધી ૨,૪૩,૦૦૦ લોકો આ કિલર વાયરસથી સંક્રમિત થઈ ચૂક્યા છે.

જોન હોપકિન્સ યુનિવર્સિટી મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના સંક્રમણના ૩૦ હજાર નવા મામલા સામે આવ્યા છે. યુનિવર્સિટીએ જણાવ્યું કે કોરોનાએ ગુરુવારે ૧૧૬૯ લોકોનો જીવ લીધો. આ પહેલા ઈટાલીમાં ૨૭ માર્ચે ૯૬૯ લોકોના મોત થયા હતા. આ સાથે જ અમેરિકામાં આ મહામારીથી મરનારા મૃતકોની સંખ્યા ૫૯૨૬ થઈ ગઈ છે.

અમેરિકાના વુહાન કહેવાતા ન્યૂયોર્ક શહેરમાં મૃતકોની સંખ્યા ૧૫૦૦ સુધી પહોંચી ગઈ છે. લગભગ ૫૦ હજાર લોકો ન્યૂયોર્કમાં કોરોના વાયરસથી સંક્રમિત છે. અમેરિકામાં અત્યાર સુધી ૩૦ લાખ લોકોનો કોરોના ટેસ્ટ કરાયો છે. અમેરિકાના કોરોના વાયરસની લડાઈમાં માસ્ક, ગાઉન સહિતનો જરૂરી ચિકિત્સા સામાનનો જથ્થો ખતમ થવા સુધી પહોંચી ગયો છે.

# મનરેગા હેઠળ રોજગાર માગનારાઓની સંખ્યા ૯ વર્ષમાં સૌથી વધુ



ન્યુ દિલ્હી,તા.૩

દેશમાં જેમ-જેમ અર્થવ્યવસ્થાની ગતિ ધીમી પડી રહી છે તેમ-તેમ મનરેગ હેઠળ રોજગારીની માગણી કરનારાઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આંકડા મુજબ, ૨૦૧૯-૨૦માં મનરેગા હેઠળ રોજગારીની માગ રેકોર્ડ ૯ વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. મનરેગના સત્તાવાર પોર્ટલ પર અપલોડ કરવામાં આવેલા આંકડા મુજબ, ૫.૪૭ કરોડ પરિવારોએ મનરેગા હેઠળ કામની માગણી કરી છે. આ ૨૦૧૦-૧૧ બાદ સૌથી વધારે છે. ત્યારે ૫.૫ કરોડ પરિવારે રોજગારની માંગણી કરી હતી.

આંકડા મુજબ, વ્યક્તિગત રીતે ૨૦૧૯-૨૦માં સૌથી વધારે લોકોએ આ યોજના હેઠળ કામ કર્યું. જેમાં ૭.૮૬ કરોડ લોકો દેશભરના વિવિધ સ્થળો પર કાર્યરત હતા. વર્ષ ૨૦૧૨-૧૩ બાદ આ સૌથી વધારે છે ત્યારે ૭.૯૭ કરોડ લોકોએ આ યોજના હેઠળ કામ કર્યું હતું. રાષ્ટ્રીય ગેરંટી યોજના વર્ષ ૨૦૦૬માં દેશભરમાં ૨૦૦ જિલ્લાઓમાં શરૂઆત કરવામાં આવી હતી.

# લાખો વિચારો છે,તમામને ના સાંભળી શકીએઃ મજૂરોના પલાયનની અરજી સુપ્રિમે ફગાવી

ન્યુ દિલ્હી,તા.૩

લૉકડાઉનનાં કારણે મજૂરોનાં સ્થળાંતર સાથે જોડાયેલી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. આ અરજીને વકીલ હર્ષ મંદર, પ્રશાંત ભૂષણ સહિત અનેક વકીલોએ દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે લાખો લોકોની પાસે લાખો વિચાર છે. અમે તમામ વિચારો ના સાંભળી શકીએ અને આ માટે સરકારને દબાવ ના આપી શકીએ.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટમાં એક જનહિત અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં હોટલ અને રિસોર્ટ્સનો ઉપયોગ પ્રવાસી મજૂરો માટે કરવાની માંગ કરી હતી. દલીલ હતી કે શેલ્ટર હોમમાં પર્યાપ્ત સ્વચ્છતા અને સુવિધા નથી મળી શકી રહી. આ અરજીને સુપ્રીમ કોર્ટે શુક્રવારનાં ફગાવી દીધી.આ અરજીઓ પર સોલિસિટર જનર તુષાર મહેતાએ વાંધો ઉઠાવ્યોહ હતો અને કહ્યું હતુ કે પીઆઈએલની દુકાનો બંધ કરવી જોઈએ. જેને ખરેખર મદદ કરવી છે તે જમીન પર કામ કરે છે. આમ રૂમમાં બેસવું અને જનહિત અરજી દાખલ કરવાથી કોઈ ફાયદો નથી થતો. જો અદાલત પ્રવાસીઓ અને મજૂરો વિસ્તૃત રિપોર્ટ ઈચ્છે છે તો અમે દાખલ કરીશું.

એસજી તુષાર મહેતાએ કહ્યું કે, મજૂરોનાં પલાયનનાં મુદ્દા પર અદાલતોથી વિશેષ નિર્દેશોની કોઈ આવશ્યકતા નથી. રાજ્ય સરકારો પહેલાથી જ આવશ્યકતા અનુસાર ભવન, સ્કૂલ, હોટલ વગેરેમાં વ્યવસ્થા કરી રહી છે. જો જરૂરિયાત પડી તો આપણે વધારે પ્રબંધ કરીશું. કેન્દ્ર અને રાજ્ય સરકારો પ્રવાસીઓનાં મુદ્દા પર સારી રીતે કામ કરી રહી છે.

આ પહેલા સુપ્રીમ કોર્ટે મજૂરોનાં પલાયનથી જોડાયેલી અરજી પર સુનાવણી કરતા કેન્દ્ર સરકારને કમિટી બનાવવાનો નિર્દેશ કર્યો હતો.




દર વર્ષે ધોરણ ૧૨ પાસ કર્યા પછી મોટાભાગના વિદ્યાર્થીઓના મનમાં પ્રશ્ન હોય છે કે હવે શું? જોકે, નિષ્ણાંતો તરફથી યોગ્ય માર્ગદર્શન તેમને પસંદગીના ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકિર્દી બનાવવામાં અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે.ોરોના વાઈરસને કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિમાં વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી એન્ડવેર કરિયર્સ દ્વારા કારકિર્દીના નવા આયામો વિષય ઉપર વિનામૂલ્યે વિશેષ ડિજિટલ સિમ્પોઝિયમનું આવતીકાલે સાંજે ૪ એપ્રિલના રોજ સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું છે.આ સિમ્પોઝિયમમાં આઈઆઈએમ ઈન્દોર, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, સિમ્બોઈસિસ પૂને અને અમદાવાદ યુનિવર્સિટીના નિષ્ણાંતો યુટ્યુબના માધ્યમથી વિદ્યાર્થીઓને સંબોધન કરશે તથા કારકિર્દી સંબંધિત તેમના પ્રશ્નોના જવાબ પણ આપશે.

# નિઝામુદ્દીન તબલિગી જમાતઃ ૬૮ લોકો ગુમ, સરકારે હાઈકોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો

અમદાવાદ,તા.૩

આજે અમદાવાદમાં કોરોનાના કુલ ૭ નવા કેસ આવ્યા, જેમાંથી એક દિલ્હીના નિઝામુદ્દીન તબલિગી જમાતના મરકજમાં હાજરી આપનાર શખ્સ પણ છે. આજે હાઈકોર્ટમાં કોરોના વાયરસ મામલે સુનવણી શરૂ થઈ. જેમાં ગુજરાત સરકારે કોર્ટમાં એકશન ટેકન રિપોર્ટ રજૂ કર્યો છે. રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ કરાયો છે કે, નિઝામુદ્દીન તબગિલી જમાતના કાર્યક્રમમાથી ૬૮ લોકોની શોધખોળ થઈ શકી નથી. પોલીસ હજુ તેઓની શોધખોળ કરી રહી છે. ૮૩ લોકોને આઈડેન્ટિફાઈ કરીને ક્વોરંટાઈન કરાયા છે. આ તમામ તબલિગી જમાતમાં ભાગ લીધેલા અથવા નિઝામુદ્દીન જઈ આવેલા લોકો છે. આવા લોકોની ભાળ મેળવવા માટે રોની મદદ પણ લેવાઈ રહી છે. આવી અનેક રજૂઆત એડવોકેટ જનરલે હઈકોર્ટમાં કરી છે. હાઈકોર્ટમાં રાજ્ય સરકારે જવાબ રજૂ કર્યો કે, દિલ્હીમાં આયોજીત પબ્લિકે જમાતની સભામાં ભાગ લઈને ગુજરાત પરત ફરેલા ૬૮ લોકોની શોધ થઈ નથી. હાલ પોલીસ આ લોકોની તપાસ અને શોધખોળ કરી રહી છે. ૮૩ લોકોની ભાળ મેળવીને તેમને ક્વોરેન્ટાઈન કરાયા છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટમાં અન્ય બે અરજીઓ પણ કરવામાં આવી હતી. હાઈકોર્ટમાં અરજદારની રજૂઆત હતી કે, લોકોને મફતમાં રાશન યોગ્ય રીતે પૂરું પાડવામાં આવે. ચાલી અને મહોલ્લામાં પણ સેનેટાઈઝિંગ કરીને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવે. તેમજ સ્ક્રીનિંગ કરવામાં આવે. અનેક ડોક્ટરોએ તેમના ખાનગી હોસ્પિટલ બંધ કર્યા છે. તેને ચાલુ કરવા માટે આદેશ આપવામાં આવે. ત્યારે આ અંગે હાઈકોર્ટે ટકોર કરી હતી કે, સરકાર દ્વારા કોરોનાને નાથવા માટે યોગ્ય પગલા લેવાઈ રહ્યા છે. આ ઉપરાંત ચાળી અને મહોલ્લામાં સ્ક્રીનિંગ કરવું હોય તો મોડેલ એજન્સીઓને રજૂઆત કરો અને ખાનગી ડૉક્ટરોને તેમના પ્રાઈવેટ હોસ્પિટલ ચાલુ રાખવા માટે હાઈકોર્ટ કોઈ નિર્દેશ આપશે નહિ.

# આજથી અમદાવાદ સહિતના શહેરોમાં ગરમીનો પારો વધશે

અમદાવાદ,તા.૩

રાજયમાં છેલ્લા ચાર દિવસથી વાદળો વિખેરાયાં બાદ હવે ધીમે ધીમે ઉનાળાની અસલી ગરમીનો લોકોને અહેસાસ થઈ રહ્યો છે.

કોરોના કહેર વચ્ચે કેટલાક દિવસોથી રાત્રે ઠંડી અને દિવસે મધ્યમ ગરમીની બેવડી ઋતુના કારણે શરદી અને તાવના કેસોમાં વધારો થયો હતો પરંતુ હવે બે દિવસથી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની નજીક પહોંચી ગયો છે. જોકે હવે આગામી બે દિવસમાં રાજયનો સરેરાશ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર કરશે.

ગુજરાતમાં આગામી ૪ એપ્રિલથી ૬ એપ્રિલ સુધી અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર, અમરેલી સહિતના વિસ્તારોમાં ગરમીનો પારો વધવાની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, આ શહેરોમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર થઈ શકે છે.

ત્યારે સુરત, ભૂજમાં વાતાવરણમાં આગામી તારીખ ૭ એપ્રિલ તેમજ ૮ એપ્રિલમાં પલટો આવશે. અમદાવાદ, વડોદરા સહિતમાં દિવસે સામાન્ય ગરમી તેમજ સાંજ બાદ ઠંડકભર્યુ વાતાવરણ જોવા મળ્યું હતું. આ પ્રકારની ડબલ ઋતુના કારણે રોગચાળાનો ખતરો વધવાનો ભય રહે છે.



બેંગલૂરુમાં કોરોના વાઈરસ સામે જનજાગૃતિ લાવવા રસ્તા પર દોરાયેલું ચિત્ર.

## અહો આશ્ચર્યમ્ !

# બાયડના ૨૦ વર્ષ પહેલા નિધન થયેલ શખ્શનું નિઝામુદ્દીન પેસેન્જર લીસ્ટમાં નામ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

હાલ કોરોના વાઈસરના સંક્રમણનો ભય સમગ્ર વિશ્વને સતાવી રહ્યો છે. સંક્રમણ વધુ ન ફેલાય તે માટે સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે. બહારથી આવનારા પેસેન્જર ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે અને આરોગ્ય વિભાગ દ્વારા તેઓનું સ્ક્રિનિંગ તેમજ કોરોન્ટાઈન કરવાની પણ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સાથે પોલીસતંત્ર પણ દિવસ રાત જોયા વગર ખડેપગે રોગનું સંક્રમણ ન પ્રસરે તે માટે જહેમત ઉઠાવી રહ્યું છે. ત્યારે ગત ૨૧ માર્ચના રોજ દિલ્હીથી નિઝામુદ્દીન એક્સપ્રેસમાં પરત ફરેલ અરવલ્લીના પેસેન્જરોને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે નિઝામુદ્દીન એક્સપ્રેસના પેસન્જર લીસ્ટમાં એવા પણ બે નામ છે જેમાંથી એક ૨૦ વર્ષ પહેલાં સ્વર્ગવાસી થયેલ છે અને અન્ય એક શખ્શ નાનકડા ગામથી ક્યાં ગયો ન હોવાનું જાણવા મળ્યું છે. તો સવાલ એ છે કે આ બંનેના નામ પેસેન્જર લીસ્ટમાં છે અને તેઓ ગયા નથી તો તેમની જગ્યાએ મુસાફરી કરી કોણે ?

સમગ્ર દુનિયા સહિત ભારત દેશને પણ કોરોના વાઈરસે ઝણઝણાવી મુક્યો છે. રોજે રોજ દેશના વિવિધ રાજયોમાં નવા નવા કોરોના વાઈરસના કેસ બહાર આવી રહ્યા છે. ત્યારે ગુજરાત પણ તેમાંથી બાકાત નથી અને ગુજરાતમાં અત્યાર સુધી ૮૭ કોરોના સંક્રમીત લોકોના કેસ નોંધાઈ ચુક્યા છે જેમાંથી ૭ના મોત પણ થઈ ચુક્યા છે. ત્યારે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર કોરોનાની ઝપેટમાં લોકો ન આવે તે માટે જાત જાતના પ્રયાસો કરી રહી છે. લોકો એક બીજાને ન મળે તે હેતુથી સમગ્ર દેશને લોકડાઉન કરી દેવામાં આવ્યો છે. છતાં કેટલાય લોકો સમજણના અભાવે બિન્દાસ્ત રીતે બહાર ફરી રહ્યા હોવાનું પણ સામે આવે છે. ત્યારે ગુજરાતમાં અન્ય રાજયોમાંથી આવતા પેસેન્જરો ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે. જે કોઈ પેસેન્જર અન્ય રાજયમાંથી આવે તો તેઓનું સ્ક્રિનિંગ સહિત કોરોન્ટાઈન અને જરૂર હોય તો આઈસોલેટ પણ કરવામાં આવી રહ્યા છે.

ગત ૨૧ માર્ચના રોજ દિલ્હીથી નિઝામુદ્દીન ટ્રેન મારફતે અરવલ્લીના કેટલાક પેસેન્જરો આવ્યા હતા. તેઓને આરોગ્ય વિભાગ દ્વારા કોરોન્ટાઈન કરવામાં આવ્યા હતા અને હજુ આગામી ૪ એપ્રિલ સુધી નિઝામુદ્દીન ટ્રેનમાં આવેલ મોડાસા તાલુકાના એક ગામના ૭ વ્યક્તિઓને કોરોન્ટાઈન રાખવામાં આવશે. પરંતુ આતો થઈ અન્ય રાજયમાંથી આવેલ વ્યક્તિઓને કોરેન્ટાઈન કરવાની વાત પરંતુ પ્રાણ પ્રશ્ન તો એ છે કે અરવલ્લી જિલ્લાના બે વ્યક્તિઓએ ઉપરોક્ત ટ્રેનમાં મુસાફરી કરી જ નથી તેમ છતાં તેઓના નામ નિઝામુદ્દીનના પેસેન્જર લીસ્ટમાં છે.

ગત ૨૧ માર્ચના રોજ દિલ્હીથી નિઝામુદ્દીન ટ્રેન મારફતે આવેલ અરવલ્લીના કેટલાક લોકોનું પેસેન્જર લીસ્ટ જાહેર થયું હતું. તેઓને આરોગ્ય વિભાગ દ્વારા શોધીને કોરેન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ આરોગ્ય વિભાગે શોધખોળ કરતાં નિઝામુદ્દીન પેસેન્જર લીસ્ટમાં બાયડ તાલુકાના વાંટડા ગામના પરમાર કાન્તીભાઈ ૨૦ વર્ષ પહેલાં મૃત્યુ પામેલ છે તેમ છતાં તેઓનું પેસેન્જર લીસ્ટમાં નામ છે. જ્યારે આ જ ગામના પરમાર હિતેશભાઈ કોઈ દિવસ બાયડથી આગળ ગયા નથી તેમ વાંટડાના ગ્રામજનોએ જણાવ્યું હતું છતાં આ ટ્રેનના પેસેન્જર લીસ્ટમાં નામ છે. આ બંને વ્યક્તિઓની કોઈ પેસેન્જર હિસ્ટ્રી મળી નથી તેમ આરોગ્ય વિભાગના એક લીસ્ટમાં જણાવાયું હતું અને તલાટી મારફતે વેરીફિકેશન ચાલુ હોવાનું જાણવા મળ્યું હતું.

અન્ય રાજયોમાંથી ગુજરાતમાં કોરોના સંક્રમીત વ્યક્તિઓ ન આવી જાય અને આવા વ્યક્તિઓને ઓળખી તેઓને યોગ્ય સારવાર આપી શકાય તે માટે ગુજરાત રાજ્ય સરકારે અનેક પ્રયત્નો હાથ ધર્યા છે. ત્યારે બહારથી આવનારા દરેકે દરેક વ્યક્તિઓને ફરજીયાત સ્ક્રિનિંગ કરી ગુજરાતમાં આવ્યા બાદ કોરોન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. કોરોન્ટાઈન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ચાંપતી નજર રાખીને ઓબ્ઝર્વ કરાય છે. ત્યારે ૨૧ માર્ચની નિઝામુદ્દીન ટ્રેનના લીસ્ટમાં જે બે વ્યક્તિઓના નામ છે તેમાંથી એક હયાત નથી અને એક ક્યાંય ગયો નથી તો આ લોકોના નામે કોઈએ મુસાફરી કરી કે કેમ તે મોટો પ્રશ્ન પેદા થયો છે અને જો કોઈએ મુસાફરી કરી તો તે કોણ છે અને ક્યાં છુપાયા છે તે સવાલ પણ જવાબ માગી લે છે.

# એક સલામઃ ગામના સરપંચે ઘરેણાં ગીરવે મૂકીને ગરીબોને પાંચ-પાંચ હજાર આપ્યા



મહુવા,તા.૩

હાલ દેશભરમાં ૨૧ દિવસનું લૉકડાઉન ચાલી રહ્યું છે. આ લૉકડાઉન વચ્ચે શ્રમિકો પરેશાન છે. તેમને બે ટંક ખાવા માટેના ફાંફાં પડી રહ્યા છે. શહેરો નહીં પરંતુ ગામડાઓમાં પણ મજૂરી કરીને ગુજરાત ચલાવતા પરિવારો મુશ્કેલીમાં મૂકાયા છે. ત્યારે મહુવા તાલુકાના એક ગામના સરપંચે માનવતાનું એવું ઉદાહરણ પૂરું પાડ્યું છે, ગામના લોકો તેમને દુઆ દેતા થાકતા નથી. સરપંચા પોતોના ઘરેણા ગીરવા મૂકી દરેક ગરીબોના ઘરે અનાજ અને રોકડ સહાય પહોંચાડી છે.

મહુવા તાલુકામાં તાવેડા નામે એક ગામ આવેલું છે. ગામની વસ્તી આશરે ૩૫૦૦ લોકોની છે. લૉકડાઉનને કારણે ધંધા અને મજૂરીકામ બંધ થઈ જતાં ગામના સરપંચ દાનુભાઈ આયરને ગરીબ શ્રમિકોની ચિંતા કોરી ખાતી હતી. તેમણે મનમાંને મનમાં આ લોકોની મદદ કરવાની નક્કી કર્યું. સમસ્યા એ હતી કે તેમની પાસે પણ રોકડા રૂપિયા ન હતા. આથી તેમણે પોતાના તમામ દાગીના બેંકમાં મૂકીને ગામલોકોની મદદ કરવાનું મન બનાવ લીધું. તેઓ પોતાના દાગીના લઈને બેંકમાં પહોંચી ગયા અને સાડા નવ લાખ રૂપિયાની લોન લીધી હતી.

બેંકમાં દાગીના જમા કરાવ્યા બાદ જે રકમ આવી તેમાંથી સરપંચ દાનુભાઈએ ગામના ગરીબ લોકોને કરિયાણું અપાવ્યું હતું. એટલું જ નહીં જે પણ ગરીબ પરિવારને રોકડમાં સહાયની જરૂરી હતી તેમને એક હજારથી લઈને પાંચ હજાર રૂપિયા આપ્યા હતા.

આ અંગે સરપંચે જણાવ્યું હતું કે, મેં મારા તમામ ઘરેણા બેંકમાં મૂકી દીધા છે. તેના બદલામાં મળેલા સાડા નવ લાખમાંથી ગરીબોને કરિયાણું આપ્યું છે. જેમને પણ રોકડ સહાયની જરૂરી હતી તેમને રોકડા આપ્યા છે. ગામનો કોઈ પણ વ્યક્તિ ભૂખ્યો ન ઉંઘી રહે તે માટેની મેં નેમ લીધી છે. જો જીવતા રહીશું તો ઘરેણા ફરીથી બનાવી લઈશું.

# વડોદરામાં કોરોના વાયરસથી વધુ એકનું મોત

વડોદરા,તા.૩

રાજયમાં જીવલેણ કોરોના વાયરસેએ વધુ એક દર્દીનો ભોગ લીધો છે. કોરોના વાયરસના કારણે વડોદરામાં ૭૮ વર્ષનાં આધેડનું મોત થયું છે. મૃતક પંચમહાલ જિલ્લાનાં રહેવાસી હતા અને વડોદરામાં ખાનગી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. આ સાથે જ રાજયમાં કોરોના વાયરસના કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ૮ થઈ છે.

ગોધરાના વેજલપુર રોડ પાણીની ટાંકી પાસે રહેતા ૭૮ વર્ષીય વૃદ્ધ અબ્દુલ પટેલને કોરોના વાઈરસના લક્ષણો દેખાતા વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું ત્યારબાદ પોલીસ દ્વારા વડોદરાના બહુચરાજી રોડ માતરીયા કબ્રસ્તાન ખાતે તેમની દફનવિધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્થાનિક રહીશો અને તેમના સગા સંબંધી સુધી આ વાત પહોંચી હતી તેના કારણે ટોળુ એકત્રા થયું હતું. તેમની દફનવિધિ ગોધરા ખાતે કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો હતો, પરંતુ વહીવટી તંત્ર અને પોલીસ સમય સૂચકતા અને સમજણથી કામ લઈ સ્થાનિક રહીશોને સમજાવ્યા હતા. ત્યારબાદ મૃતક વૃદ્ધ અબ્દુલ પટેલની દફનવિધી માતરીયા કબ્રસ્તાન ખાતે કરવામાં આવી હતી.

# કોરોના વાયરસ થી બચવા ખાવા ઉપર ખાસ ધ્યાન આપવું પડશે

#CroonaCovid19

વાયરસનું પ્રજનન બેક્ટેરિયામાં થાય છે શરીરમાં સૌથી વધુ બેક્ટેરિયા આંતરડાઓમાં હોય છે એટલે ભરાયેલો મળ અને કચરો સાફ થશે નહીં તો બેકટેરિયામાં સતત વાયરસ પેદા થતા રહેશે, કબજીયાત રહેવી, ઓછી ભુખ લાગવી, થોડુ ખાવાથી ભુખ મરી જવી વગેરે આંતરડાઓમાં રહેલા વાયરસ અને બેકટેરિયાની ખતરનાક હાજરી બતાવે છે તેલવાળા, તળેલા, ચીકાશવાળા ખોરાક સંદતર બંધ કરવા જરૂરી છે, જ્યાં પણ કફ, મળ, લાળ જમા થયેલા હશે ત્યાં બેકટેરિયા હશે અને બેકટેરિયા હશે ત્યાં વાયરસ પેદા થશે, એકવાર વાયરસનું શરીરમાં સંક્રમણ વધશે પછી શરીરને બચાવી શકવું મુશ્કેલ છે. પીઝા, ચીજ, માખણ, દુધ દહીં તળેલુ તીખુ અને ખાસ તો વાસી અને ઠંડુ કોઈપણ ખાદ્ય પદાર્થ ખાવો જોખમી છે, મગ, ચણા, વટાણા, મઠ, ચોળી, મગફળી જેવા ફોતરીવાળા એટલે કે વિટામિન ૧૨ વાળા કઠોળ, ફળો, છાશ, વગેરે ખાવુ હિતાવહ છે,

રોજ રોજ ગળામાં કફ થાય છે તેમજ મોઢામાં પણ લાળ બનતી જાય છે આ કફ અને લાળમાં બેક્ટેરિયા હોય છે એટલે સવાર સાંજ દાતણ અથવા બ્રશ ફરજીયાત કરવું. અને પછી દાંત તથા પેઢાને મીઠાથી પણ ઘસીને સાફ કરવા મીઠું એટલે સોડિયમ કલોરાઈડમાં બેકટેરિયા અને વાયરસ જીવીત રહેતા નથી અને ચીપકતા નથી, મીઠાવાળા પાણીથી કોગળા કરવા ખુબ હિતાવહ છે,

ઉપવાસ કરવાથી બેકટેરિયા મરે છે ઉપવાસ દરમિયાન લીંબુ, આદુ અને સાકર સાથે મીઠા વાળા પાણીથી શરીરની અંદર સફાઈ કરી શકાય છે.શરીરમાં લોહીના પરીભ્રમણને કારણે રોગપ્રતિકારક શકિત ઉત્પન્ન થતી હોય છે શરીરમાં હજારોની સંખ્યામાં ઝીણી ઝીણી રકતવાહીનીઓ હોવાથી આખા શરીરમાં પુરતુ લોહી પરીભ્રમણ કરતું નથી, વાયરસને મારવા અથવા અટકાવવા વધુને વધુ લોહીની ઉર્જા જોઈશે, શરીરના દરેક સાંધાઓના સ્નાયુઓ અને નસોમાં કસરત મળે તે રીતે દિવસમાં બે વાર કસરત કરવાથી રોગપ્રતિકારક શકિત વધારતું લોહીનું પરીભ્રમણ થતુ રહે તે શરીરનું સૌથી જરૂરી સંરક્ષણ છે

બે માણસ વચ્ચે ઓછામાં ઓછું ૧૪ ફુટ એટલે કે ૪ મીટર અંતર રાખવું જોઈએ, ઉચ્છશ્વાસમાં બહાર ફેંકાતા વાયુ શરીરથી બે મીટરની ત્રિજયામાં ફેલાય છે એટલે શકય હોય ત્યાં સુધી ઘરની બહાર નીકળતા સમયે બીજા માણસથી ૪ મીટર દુર રહેવું મહત્વનું છે

શરીરની સલામતી માટે માણસે પોતાની જાતને બદલવી પડશે, જીવનજીવવાની ચાલુ રીતભાત રીવાજો બદલવા પડશે, શરીરને સતત કસરત આપવી પડશે, કફ લાળ કે મળ એકઠો ના થાય તેની પુરતી કાળજી રાખવી પડશે,

વાયરસથી બચવા માટે માણસે ખાવાની બાબતમાં ઘણુ બધુ બદલવું પડશે, શરીરમાં કફ, લાળ, મળ ના થાય તેમજ શરીરમાં લોહી ગરમ રહીને નસે નસમાં ફરતુ રહે એટલી રોજરોજ બે વાર પુરતી કસરતો કરવી પડશે

## ફિલ્ડ આઉટરીચ બ્યુરો, પાલનપુર દ્વારા

# કોરોના વાયરસ સંદર્ભે માહિતી અને માર્ગદર્શન સાથે જનજાગૃતતા અભિયાન

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસથી વૈશ્વિક મહામારી ઉભી થઇ છે ત્યારે સરકાર દ્વારા કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા અને તેનાથી બચવા માટે અનેક પગલા લેવાઈ રહ્યા છે સાથે જ તકેદારીના સુચનો પણ કરવામાં આવી રહ્યા છે. આ વાઈરસથી ડરવાની જરૂર નથી પરંતુ તકેદારી ચોક્કસથી રાખવાની જરૂર છે અને માટે જ સરકાર દ્વારા જે નિર્દેશો અને જે આદેશો કરવામાં આવે છે તેનું પાલન કરવું એ પણ એટલું જ આવશ્યક છે. આ વાઈરસ વિશેની જે ગેરમાન્યતાઓ રહેલી છે તેનાથી બચવું અને ખોટી અફવાઓ ન ફેલાવવી એ પણ જરૂરી છે.

સરકારના વિભિન્ન વિભાગો દ્વારા આ સમયે સઘન કામગીરી ચાલી રહી છે ત્યારે કોરોના વાયરસ સંદર્ભે લોકોમાં ભયનો માહોલ ઉભો ન થાય તેમજ લોકોમાં રહેલી ગેરમાન્યતાઓ દૂર થાય એ જરૂરી છે. સાથે જ આ વિષયે લોકોને પર્યાપ્ત જાણકારી પ્રાપ્ત થાય અને લોકોમાં જાગૃતતા આવે તે અતિ આવશ્યક છે. ત્યારે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયની ઉત્તર ગુજરાત કચેરી ફિલ્ડ આઉટરીચ બ્યુરો, પાલનપુર દ્વારા આ અંગે જનજાગૃતતા અભિયાનની શરુઆત કરવામાં આવી છે. કોરોના વાયરસ અંગે સચોટ જાણકારી સાથે આવશ્યક માહિતી અને માર્ગદર્શન આપવું એ આ જનજાગૃતતા અભિયાનનો ઉદ્દેશ્ય છે. વધુને વધુ લોકો સુધી જાગૃતતા સંદેશને પહોંચાડી શકાય તે માટે વિવિધ પ્રચાર માધ્યમોના ઉપયોગની સાથે સોશિયલ મીડિયાનો પણ એક માધ્યમ તરીકે સુચારુ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે અંગેની માહિતી આપતા ફિલ્ડ આઉટરીચ બ્યુરોના અધિકારી જે.ડી.ચૌધરી એ જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાં આ વિભાગ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમ થકી આ જનજાગૃતતા અભિયાનને વેગવંતુ બનાવવામાં આવ્યુ છે. વધુમાં તેમણે જણાવ્યું કે કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાનો એક માત્ર ઉપાય એ સોશિયલ ડિસ્ટન્સ છે એટલેકે એક વ્યક્તિ બીજા વ્યક્તિના સંપર્કમાં ન આવે. પ્રધાનમંત્રીશ્રીએ દેશના તમામ લોકોને અપીલ કરી છે એ જ પ્રમાણે આપણા ઘર બહાર લક્ષ્મણ રેખા દોરી છે એમ સમજી આપણે આપણા ઘરની એ રેખાને પાર કરીને બહાર જવાનું નથી. સરકાર દ્વારા ૨૧ દિવસ સુધી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે અને લોકોને સેલ્ફ ક્વોરેન્ટાઈન કરી લેવા આદેશ આપ્યો છે. આપણે સૌએ આપણા ઘરમાં જ રહેવું અને ઘરની બહાર સહેજ પણ નીકળવાનું નથી જે આપણા સૌ માટે ખૂબ જ હિતાવહ છે અને એ ઉપાય આપણને બચાવી શકશે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ આપણા સુધી પહોંચે અને તેની વ્યવસ્થાઓ પણ જળવાઈ રહે તેનું વ્યવસ્થિત આયોજન પણ થઈ રહ્યું છે. સરકારના વિભિન્ન વિભાગ અને તેના કર્મચારીઓ, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ અને અનેકવિધ સંસ્થાઓ દ્વારા લોકોના જીવન ધોરણને સુધારવા માટે તથા હાડમારી ન આવે તે માટેના પગલાઓ લઈ રહ્યા છે. જરૂર છે તેને સહયોગ આપવાની. સરકાર દ્વારા અપાતા આદેશોને પાલન કરવા એ આપણા સૌની દેશના નાગરિક તરીકેની ફરજ છે. કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા અને તેનાથી બચવા માટે સરકારની સાથે ઉભા રહી અને સહયોગ આપીશું તો ચોક્કસથી આપણે સૌ આપણા દેશમાંથી આ વાઈરસને જાકારો આપી શકીશું. વિનંતી એજ કે આપણે સૌ આપણા ઘરમાં રહી આપણે આપણા પરિવારને સુરક્ષિત રાખીયે અને એ પ્રકારે સમગ્ર દેશને સુરક્ષિત બનાવવામાં સરકારની પડખે ઉભા રહીએ અને પર્યાપ્ત સહયોગ આપીએ.

- જે.ડી.ચૌધરી, ફિલ્ડ આઉટરીચ બ્યુરો-પાલનપુર

# સરકાર જનતાની રક્ષા કરવામાં નિષ્ફળ ગઈ: રાજીવ સાતવ

ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં કોરોનાનો કહેર ચરમસીમાએ છે. ત્યારે આજે આખા દેશને વડાપ્રધાન મોદીના વીડિયો સંદેશ આપ્યો હતો, તેના પર હવે ગુજરાત કોંગ્રેસે રાજનીતિ કરવાનું શરૂ કર્યું છે. ગુજરાત કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે આજે પીએમના વીડિયો સંદેશ બાદ એક ટ્વિટ કર્યું કર્યુ રાજીવ સાતવે જણાવ્યું કે સરકાર જનતાની રક્ષા કરવામાં નિષ્ફળ ગઈ છે. એકવાર ફરી નિરાશા હાથ લાગી છે. આ ટ્વિટ બાદ જાણે કોંગ્રેસના નેતાઓ એક પછી એક નિવેદનો કરવા લાગ્યા હતા.કોરોના સંકટ વચ્ચે કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ કેન્દ્ર અને રાજ્ય સરકાર પર નિશાન તાક્યું હતું અને ગુજરાતમાં કોરોના મુદ્દે રાજયમાં થયેલા સર્વે સામે કોંગ્રેસે અનેક સવાલો ઉઠાવ્યા હતા.



કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આશંકા વ્યક્ત કરી હતી કે, રાજ્યમાં સર્વેના આંકડાની રાજ્ય સરકારે માયાજાળ રચી છે. હાલના સમયમાં સરકાર આંકડાની માયાજાળ ન રચે તેના માટે સરકારને અનુરોધ કર્યો હતો. ૮૦ ટક લોકોનો આરોગ્ય સંબંધિત સર્વે કરાયો નથી તેવો પણ ખુલાસો કર્યો હતો. આંકડા જાહેર કરવામાં સરકારે ઉતાવળ કરી હોવાનું પણ સરકારે જણાવ્યું છે.

બીજી બાજુ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આજે પત્રકાર પરિષદ યોજી સૌ પ્રથમ કેન્દ્ર સરકાર પર નિશાન સાંધ્યું હતું. અમિત ચાવડાએ કહ્યું કે કેન્દ્ર સરકારે ડબલ્યુએચઓ દ્વારા ૩૦ જાન્યુઆરીના રોજ જાહેર કરાયેલી એડવાઈઝરીનું પાલન કર્યું નથી. જેને લઈને દેશના લોકોને પરેશાનીનો સામનો કરવા પર મજબૂર થવું પડ્યું છે.

## નિઝામુદ્દીન ટ્રેન માં મુસાફરી કરનાર અજ્ઞાત પ્રવાસીઓના તાર

# ઈ- ટિકિટ કૌભાંડ સાથે તો સંકળાયેલા નથી ને....?? અરવલ્લી પોલીસતંત્રમાં દોડધામ

અરવલ્લી બ્યુરો મોડાસા

૨૧ માર્ચના રોજ દિલ્હીથી નિઝામુદ્દીન ટ્રેન મારફતે આવેલ અરવલ્લીના કેટલાક લોકોનું પેસેન્જર લીસ્ટ જાહેર થયું હતું. તેઓને આરોગ્ય વિભાગ દ્વારા શોધીને કોરેન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ આરોગ્ય વિભાગે શોધખોળ કરતાં નિઝામુદ્દીન પેસેન્જર લીસ્ટમાં બાયડ તાલુકાના વાંટડા ગામના પરમાર કાન્તીભાઈ ૨૦ વર્ષ પહેલાં મૃત્યુ પામેલ હોવાનું અને હિતેશભાઈ કોઈ દિવસ બાયડથી આગળ ગયા નથી ની માહિતી બહાર આવતા વહીવટી તંત્ર અને પોલીસતંત્રમાં ભારે હડકંપ મચ્યો છે આ બંનેના નામે મુસાફરી કરનાર શખ્શો કોણ...? તેની તપાસમાં તંત્ર લાગી ગયું છે ત્યારે બંને શખ્શોને નામે ઈ-ટિકિટ બુક કરાવી અન્ય શખ્શોએ ઓળખ છુપાવવા મુસાફરી કરી નહિ હોય ને....? કે પછી રેલવે તંત્રનો છબરડો...? સહિતની ચર્ચાએ જોર પકડ્યું છે

ગ કરી સોફ્ટવેર મારફતે ઈ-ટિકિટ બુક કરાવી લોકો પાસેથી ટિકિટ કરતા વધુ નાણાં ખંખેરતા હોય છે "ઈઝ્રઝની વેબસાઈટ પર કેટલાક એજન્ટ ખોટા યુઝર્સ આઈડી બનાવી ટિકિટો કાઢી મુસાફરોને બ્લેકમાં વેંચતા હોવાની બૂમો પણ અરવલ્લી જીલ્લામાં અગાઉ ઉઠી હતી ત્યારે ૨૧ માર્ચની નિઝામુદ્દીન ટ્રેનના લીસ્ટમાં જે બે વ્યક્તિઓના નામ છે તેમાંથી એક હયાત નથી અને એક ક્યાંય ગયો નથી તો આ લોકોના નામે કોઈએ ઈ-ટિકિટ બુક કરાવી અન્ય શખ્શોએ મુસાફરી કરી કે કેમ તે મોટો પ્રશ્ન પેદા થયો છે અને જો કોઈએ મુસાફરી કરી તો તે કોણ છે અને ક્યાં છુપાયા છે તે સવાલ પણ જવાબ માગી લે છે. હાલ તો વહીવટી તંત્ર,પોલીસતંત્ર અને આરોગ્ય વિભાગમાં ભારે દોડધામ મચી છે ગુજરાતમાં સતત વધી રહેલું કોરોનનું સંક્રમણથી અરવલ્લી જિલ્લાના પ્રજાજનો ૨૧ માર્ચના રોજ દિલ્હીથી નિઝામુદ્દીન ટ્રેન મારફતે આવેલ અરવલ્લીના કેટલાક લોકોનું પેસેન્જર લીસ્ટ જાહેર થતાની સાથે ચિંતિત બન્યા છે

# અમદાવાદ શહેરમાં લોકડાઉનના ચુસ્ત અમલ માટે ડિજીટલ સર્વેલન્સ સેન્ટ્રલાઈઝ ડ્રોનના માધ્યમથી સમગ્ર શહેર પર દેખરેખ

ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે પ્રવર્તમાન પરિસ્થિતિમાં લોક ડાઉનના ચુસ્ત અમલ માટે સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવાની બાબતને રાજ્ય સરકારે અગ્રીમતા આપી છે. કોરોનાની મહામારીમાં સોશિયલ ડિસ્ટન્સસિંગ જાળવવા આજે ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ અનિવાર્ય બન્યો છે ત્યારે અમદાવાદ શહેરમાં સર્વેલન્સ દ્વારા શહેર પોલીસે લોકડાઉનમાં કોરોના જેવી મહામારીને હરાવવા સોશિયલ ડિસ્ટન્સને અનિવાર્ય ગણાવ્યું છે. સાથે સાથે લોકડાઉનનો ચુસ્ત અમલ થાય તે માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનુરોધ કર્યો છે, ત્યારે અમદાવાદ શહેર પોલીસે ડિજિટલ પેટ્રોલિંગ-સર્વેલન્સને પરિણામલક્ષી બનાવ્યું છે. શહેર પોલીસ દ્વારા કરાયેલી આ પહેલ અત્યંત ઉપયોગી નીવડશે એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી કચેરી સ્થિત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં શહેરભરના ૧૧૦૦ સૌથી વધુ કેમેરાની ફીડ મેળવીને તેના આધારે શહેરમાં એકઠા થતા લોકોની ભીડ નિવારાય છે. સેન્ટ્રલાઈઝ ડ્રોન અને કમાન્ડ સેન્ટર દ્વારા કાર્યરત ચાર ડ્રોનની મદદથી સમગ્ર શહેરની વિગતો મેળવાય છે અને આર્ટિફીશ્યલ ઈન્ટેલિજન્સની મદદથી ઉૐ ના નોર્મ્સ પ્રમાણે એક બીજા વચ્ચે ૧.૫ મીટરનું અંતર જાળવે છે કે નહી તે તપાસ દૂર બેઠા એટલે કે સેન્ટરમાં બેઠા બેઠા તપાસ કરી શકાય છે. શહેર પોલીસ દ્વારા ડિજિટલ પેટ્રોલિંગની વ્યવસ્થા અમલમાં મુકાઈ છે. આ કંટ્રોલ રૂમમાંથી મહત્તમ ટ્રાફિક ધરાવતા વિસ્તારો લાલ રંગથી, થોડોક ઓછો ટ્રાફિક ધરાવતા વિસ્તારો ઓરેન્જ અને ન્યૂનતમ અથવા તો અત્યંત ઓછો ટ્રાફિક ધરાવતા વિસ્તારો લીલા રંગથી આઈડેન્ટીફાઈ કરવામાં આવે છે અને તેને આધારે જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને સીધી સુચના આપી લોકોને એકઠા થતા રોક્વામાં આવશે.

મંત્રીશ્રીએ આ ડિજિટલ પેટ્રોલિંગની કામગીરી તથા તેનાથી થતાં ફાયદા અંગેની વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું હતું કે, શહેરમાં મુકાયેલા સી.સી.ટી.વી કેમેરા અને જ્યાં કેમેરા નથી ત્યાં ગુગલના માધ્યમથી આ સર્વેલન્સ હાથ ધરાય છે. આમ જાહેર માર્ગો પર પોલીસ દ્વારા તથા ટેકનોલોજીના માધ્યમથી પણ આ પહેલ કરાઈ છે. રાજયના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પણ પોલીસ તંત્રને ટેકનોલોજીથી સંપન્ન બનાવવા પગલા લીધા છે ત્યારે રાજયમાં "વિશ્વાસ" પ્રોજેક્ટ દ્વારા પ્રસ્થાપિત કરાયેલા નેટવર્કનો પણ ઉપયોગ કરાશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્યનો એક એક પોલીસ જવાન તથા અન્ય દળના જવાનો પોતાના ઘર-પરિવારની ચિંતા કરવાના બદલે લોકડાઉનના ચુસ્ત અમલ દ્વારા લોકોના સ્વાસ્થ્ય-જાનની ચિંતા કરી રહ્યા છે ત્યારે જાગૃત નાગરિક તરીકે આપણે સૌએ તેમને સહયોગ આપવો જોઈએ એમ તેમણે ઉમેર્યુ હતું.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયાએ જણાવ્યું હતું કે, જીઓ ટેગીંગ અને એરિયલ સર્વેલન્સનો ઉપયોગ કરીને ભીડ એક્ઠી થતી અટકાવવા આ વ્યવસ્થા અમલી બનાવાઈ છે. અમદાવાદ શહેર પોલીસ દ્વારા ડ્રોનની મદદથી પણ લોકડાઉનનો અમલ કરાય છે. રોજ ૮ જેટલા ડ્રોન દ્વારા આ કામગીરી હાથ ધરીને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા પ્રયાસ કરાય છે. આ દેખરેખ દ્વારા રોજના ૭-૮ જેટલા જાહેરનામા ભંગના કેસ કરવામાં આવે છે શહેરીજનોએ પણ લોકડાઉનનો અમલ કરવામાં સહયોગ આપવા તેમણે અપીલ કરી છે.

આ પ્રસંગે એડિશનલ પોલીસ કમિશ્નરશ્રી પ્રેમવીર સિંઘ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપ ઝાલા, તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ( કંટ્રોલ રૂમ) શ્રી વિજય પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા

## કોરોના વાયરસની મહામારી ને લઈ ને

# ગુજરાત રાજ્ય મુખ્ય મંત્રી ના રાહત ફન્ડ માં રૂ. ૧લાખ નો ચેક લીંબડી કબીર આશ્રમ સંસ્થા એ અર્પણ કરિયો



હાલ માં સમગ્ર દુનિયા માં કોરોના વાયરસ ના મહારોગ ના ભરડા માં આવી ગયો છે ત્યારે અપડો ભારત પણ તેમાં સપડાઈ ચુકિયું છે. આ કોરોના વાયરસ સંક્રમણના કેટલાય કેશો સામે આવ્યા છે. આ સમયે લીબડી કબીર આશ્રમ સંસ્થા એ ગુજરાત રાજ્ય ના મુખ્ય મંત્રીના રાહત ફન્ડ માં રૂ. ૧,૦૦, ૦૦૦/- (એકલાખ) રૂપિયા નું અનુદાન કરવામાં આવ્યું છે એક સંસ્થા દ્વારા માનવ સેવા નું ઉદાહરણરૂપ જોવા મલ્યું છે.

જેમાં લીબડી કબીર આશ્રમ ના પૂજ્ય મહંત શ્રી ચરણદાસજી બાપુના હસ્તે ગુજરાત રાજ્ય ના પૂર્વ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા સાહેબ અને લીબડી તાલુકા મામલતદાર સાહેબ શ્રી મહાવીરસિંહ રાણાએ આ ચેક મુખ્ય મંત્રી વતી સ્વીકારેલ હતો. મુખ્ય મંત્રી રાહત ફન્ડ માં ચેક અર્પણ કરતી સમયે લીબડી શહેરના સામાજિક કાર્યકરો શ્રી ચતુરભાઈ પટેલ, શ્રી રઘુભાઈ ભરવાડ, પ્રવીણભાઈ ના ઉપસ્થતી માં ચેક આપવામાં આવ્યો હતો.

રિપોર્ટર..દિપકસિંહ વાઘેલા..લીબડી.

# સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલ દ્વારા જરૂરિયાતમંદોને કિટ્સ વિતરણ કરાયું



મોટી ઈસરોલ, તા.૩

સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કના ચેરમેન મહેશભાઈ અમીચંદભાઈ પટેલ એમના અમી ટ્રસ્ટ દ્વારા કોરાના સંકટના સમયે જરૂરિયાતમંદોની સહાયતા માટે વિશેષ કિટ્સ તૈયાર કરીને તેનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં ૨૧૫ જેટલા બટાકાની કિટ્સનો પણ સમાવેશ થાય છે.જરૂરિયાત મંદોના ઘરે જઈને આ કિટ્સ વિતરણ કરવામાં આવ્યા હતા

## મોડાસામાં ક્રિકેટ રમતા ૯ શખ્શો ડ્રોનના ક્લોઝર ડાઉનમાં

# આંબલીયારા પોલીસે ડ્રોનથી જીતપુરના ૫ શખ્શોને કાયદાનું ભાન કરાવ્યું



પકડી પાડી તેઓ વિરુદ્ધ જાહેરનામાના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હ

બાયડના આંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આશિષ પટેલે ડ્રોન કેમેરાની મદદથી જીતપુર ગામમાં ડેરી સામે ટોળું વળાઈ બેઠેલા ૫ શખ્શોને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસનો આંક ૯૫ પર પહોંચી ગયો છે. કોરોનાના ૧૦ દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થયા છે અને ૮ લોકોના મોત થયા છે. લોકલ ટ્રાન્સમિશન કેસમાં ચિંતાજનક વધારો થયો છે. નવા ૭ કેસ પૈકી ૬ કેસ લોકલ ટ્રાન્સમિશનના હોવાનું સામે આવ્યું છે. તેમ છતાં રાજ્યના કેટલાક લોકો બેદરકાર બની તેમની અને લોકોની જીંદગી જોખમમાં નાખી રહ્યા છે અરવલ્લી જીલ્લામાં ૧૪૪ લાગુ હોવા છતાં લોકો જાહેરનામાનો ભંગ કરતા કડક અમલવારી કરાવવા સારુ ડ્રોન કેમેરા મારફતે જાહેરનામા ભંગ કરતાં ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે મોડાસા શહેરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં કરિયાણાની દુકાનધારકો આખો દિવસ દુકાન ખુલ્લી રાખી જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરી રહ્યા હોવાછતાં ટાઉનપોલીસ તંત્રના આંખ આડે કાન કરી રહી હોવાની ચર્ચા એ જોર પકડ્યું મોડાસાના ડીપ વિસ્તારમાં એક બેકરીવાળાને લાલચ મોંઘી પડી લોકડાઉનમાં પણ સિમુન કેક એન્ડ બેક નામની બેકરી ખુલ્લી રાખતા ટાઉન પોલિસ ત્રાટકી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા ટાઉન પોલીસના સ્ટાફ દ્વારા મોડાસા વિસ્તારમાં ડ્રોન કેમેરા મારફતે પેટ્રોલિંગ દરમિયાન પહાડપુર ગામ તરફ જતા રોડની સાઈડમાં કસ્બા કબ્રસ્તાન પાસે યુસુફ કિનારી દરગાહની બાજુમાં ખુલ્લા મેદાનમાં ડ્રોન વિડીયો કેમેરા ના નિરીક્ષણ કરતા કેટલાક વ્યક્તિ ઓંનું ટોળું થઈને ક્રિકેટ રમતા હોવાથી તમામ માણસોને કોર્ડન કરી

૧મહંમદનકીમ મુસ્તાકભાઈ બલોચ ઉ.વ. ૨૩ , ૨) જાહિદ હુસૈન ઈખ્તીયાર હુસૈન જમાદાર ઉ.વ.૧૯ ,૩) ઈકબાલ હુસેન ગુલામહુસેન ગૌરી ઉં.વ ૨૯,૪) મોહમ્મદ મોઈન કાલુમિયા જમાદાર ઉ.વ ૨૨,૫) મોહમ્મદ સજ્જાદ ફકીરમામદ જમાદાર ઉ.વ ૨૦,૬) રિઝવાન હુસેન અહમદ હુસૈન જમાદાર ઉ.વ ૩૨,૭ ) ગુલામ મોઈનુદ્દીન બિસ્મિલ્લા ખાન પઠાણ ઉ.વ ૨૩,૮ ) મોહમ્મદ અનીશ યુનુસભાઈ સોદા ઉ.વ ૨૦,૯ ) તાહિર હુસૈન ઈનાયત હુસેન ગોરી ઉ.વ ૨૫,૧૦)અમરીશ રસિકભાઈ પટેલ,૧૧)અરવિંદભાઈ રાયચંદભાઈ પટેલ,૧૨)નરેન્દ્રભાઈ અંબાલાલ પટેલ,૧૩)ચંદુભાઈ લલ્લુભાઈ પટેલ ,૧૪)સુધીરભાઈ અમરત ભાઈ પટેલ

# પાટણ ની હિરવા એ તેનો જન્મ દિવસ પોલીસ કર્મીઓને બિસ્કિટ આપીને મનાવ્યો



પાટણ શહેર ની એક કિશોરીએ તેના જન્મ દીવસ ની ઉજવણી અનોખી રીતે સેવા ભાવ સાથે કરી હતી આમ તો ઘણા પરિવારના બાળકો પોતાના જન્મ દિવસ ની ઉજવણી ધામધૂમથી કરે છે પરંતુ અત્યારે કોરોના ની બિમારી ને લઈને પાટણ ની કિશોરીએ શહેરમા લોક ડાઉન ને સફળ બનાવવા માટે રાત દિવસ બંદોબસ્ત જાળવી રહેલા પોલીસ કર્મચારીઓની સાથે ઉજવ્યો હતો પાટણ ના રેલ્વે સ્ટેશન પર આવેલી મધુકુજ સોસાયટી મા રહેતા જૈન પરીવાર ની હિરવા અમરકુમાર શાહે તેનો જન્મ દિવસ પોલીસ કર્મચારીઓની સાથે ઉજવયો હતો હિરવાએ પાટણ ના સેવાભાવી અને લોકસેવામાં સતત અગ્રેસર એવા પીઆઈ ચિરાગ ભાઈ ગોસાઇ ના માર્ગદર્શન મુજબ પાટણ ના પોલીસ કર્મચારીઓને બિસ્કિટ નુ વિતરણ કરી ને ઉજવણી કરી હતી

# જિલ્લા કાનુની સેવા સતા મંડળ પાટણ અને રોટરી ક્લબ પાટણ ના સંયુક્ત ઉપક્રમે અન્ય રાજ્ય ના આશ્રિત બાળકો ની સંભાળ



કોરોના સંકટ ના લીધે રાજસ્થાન તથા મધ્ય પ્રદેશ ના કેટલાક પરિવારો ને લોકડાઉન ના અમલ સંદર્ભ મા પ્રશાસન દ્વારા પાટણ થી બહાર જઇ શકે તેમ ના હોઇ અંબાબાઇ ધર્મશાળા , યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ તથા પાલડી બાળ સંરક્ષણ ગુહ ખાતે રાખવા મા આવ્યા છે

ભોજન ની વ્યવસ્થા તો અગાઉ થી કરવામાં આવેલી જ છે પરંતુ આ પરિવારો મા સાથે રહેલ બાળકો માટે દુધ અને ફળ ની વ્યવસ્થા તથા તમામ માટે સાબુ , ટુથબરશ , ટુથપેસટ જેવી આવશ્યક ચીજો રોટરી ક્લબ પાટણ દ્વારા આ તમામ ને લોકડાઉન સુધી પુરી પાડવામા આવનાર છે ઍમ ક્લબ ટ્રેનર બાબુભાઇ પ્રજાપતિ એ જણાવ્યું જિલ્લા કાનુની સેવા સતા મંડળ ના સેક્રેટરી જજશ્રી વિશાલ ગઢવી ક્લબ ટ્રેનર બાબુભાઇ પ્રજાપતિ, રોટરી પ્રમુખ ઘેમરભાઇ દેસાઈ , શૈલેસભાઇ સોની, ઝેડ એન શોઢા અને ક્લબ ટ્રેનર બાબુભાઇ પ્રજાપતિ એ તમામ લોકો ને જરુરી સગવડો આપવાની ખાત્રી સાથે તેમને માનસિક રીતે મજબુત કરી લોકડાઉન સુધી બહાર નહી જઇ અહીજ સુરક્ષિત રહેશો તેવી હૈયાધારણા આપવામા આવી


**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**




પાટણ શહેરમાં કોરોના વાઈરસના લીધે લોક ડાઉન ના પગલે પાટણ શહેરની અગ્રણી સેવાકીય સંસ્થા એવી જાયન્ટ્સ પાટણ તરફથી સેવા બજાવતા પોલીસ કર્મચારીઓ તેમજ બીજા અન્ય કાર્યકરોને શહેરના વિવિધ ૧૪ પોલીસ પોઈન્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓને નાસ્તા અને પાણી ની સગવડ પુરી પાડવામાં આવી.આ સેવાકીય યજ્ઞ માં ગ્રુપ ના હોદ્દેદારો જેવાકે ઈશ્ર્વરભાઈ પટેલ, ઉજ્જવલ પટેલ (બોમ્બે મેટલ પ્રાથમિક શાળા આચાર્ય ) રિતેશ પટેલ , કોર્પોરેટર મનોજ પટેલ,સત્યેન્દ્ર શાહ,રાજુભાઈ પટેલ, દિલીપભાઈ ઠક્કર, સુનિલભાઈ,કીર્તિભાઈ દરજી,મૌલિકભાઈ દરજી હાજર રહ્યા હતા આ પ્રોજેકટ માટે ગ્રૂપ ના સભ્ય એવા દિલીપભાઈ ઠક્કર (જય હિન્દ ટ્રેડિંગ ,) તરફથી સહયોગ મળેલ .

# માલપુર પોલીસની દરિયાદિલી જરૂરિયાત મંદ લોકોને કરિયાણાની કીટની હૂંફ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા



હાલ દેશભરમાં ૨૧ દિવસનું લૉકડાઉન ચાલી રહ્યું છે. આ લૉકડાઉન વચ્ચે શ્રમિકો પરેશાન છે. તેમને બે ટંક ખાવા માટેના ફાંફાં પડી રહ્યા છે. શહેરો નહીં પરંતુ ગામડાઓમાં પણ મજૂરી કરીને ગુજરાત ચલાવતા પરિવારો મુશ્કેલીમાં મૂકાયા છે. ત્યારે માલપુર પોલીસે માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું માલપુર નગર સહીત આજુબાજુમાં નિરાધાર અને બેરોજગાર બનેલા શ્રમિકોની મદદ માટે હાથ લંબાવ્યા હતા અને કરિયાણાની કીટ આપવામાં આવી હતી લોકડાઉનની સ્થિતિમાં સમગ્ર ગુજરાતમાં પોલીસતંત્ર જરૂરિયાત મંદ લોકોને મદદ કરી રહી છે માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમે માલપુર નગર અને આજુબાજુના વિસ્તારમાં વસવાટ કરતા જરૂરિયાત મંદ લોકોને સપ્તાહ ચાલે તેટલી કરિયાણાની કીટનું વિતરણ કર્યું હતું માલપુર પોલીસે તેમના વિસ્તારમાં કોરોનાની મહામારીમાં ફૂટપાથ પર, ઝુપડપટ્ટી માં રહેતા લોકો,શ્રમિકો ભૂખ્યા ન ઉંઘે તેની તકેદારી રાખી રહી છે

માલપુર પોલીસે કોરોનાને પ્રસરતો અટકાવવા માલપુર નગર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં લોકડાઉનની અમલવારી માટે સઘન પેટ્રોલિંગ કરી રહી છે તેમ છતાં કેટલાક લોકો લોકડાઉનની અમલવારીનો અમલમો ભંગ કરતા હોવાથી મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તલાટી સાથે રાખી માલપુર નગરમાં લોકડાઉનની ચુસ્ત અમલવારી માટે ફ્લેગમાર્ચ યોજી નગરજનોને સહકાર આપવા માટે અપીલ કરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.